સોમવાર, ૭ ફેબ્રુઆરી, 2026 મહા વદ આઠમ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❊ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❊ RNI NO : GJGUJ/25/A1447 ❊ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❊ Follow : @dailypulsenews24 ❊ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❊ કિંમત : મફત

## BCCI એ અંડર-19 વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમ માટે 7.5 કરોડના ઈનામની જાહેરાત કરી

ભારતીય અંડર-19 ક્રિકેટ ટીમે વધુ એક વખત સાબિત કરી દીધું છે કે ભવિષ્યના સુપરસ્ટાર્સ તૈયાર છે. શુક્રવારે રમાયેલી હાઈ-વોલ્ટેજ ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને 100 રને પછાડીને છઠ્ઠી વખત અંડર-19 વર્લ્ડ કપનો ખિતાબ જીતી લીધો છે. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અજેય રહેલી ભારતીય ટીમના પ્રદર્શનથી ખુશ થઈને BCCI એ શનિવારે 7.5 કરોડ રૂપિયાના પ્રાઈઝ મનીની જાહેરાત કરી છે. BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ જણાવ્યું કે આ જીતથી આખો દેશ ગર્વ અનુભવી રહ્યો છે.

વૈભવ સૂર્યવંશી: જીતનો અસલી હીરો આ વિજયના મુખ્ય સૂત્રધાર બિહારના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી રહ્યા હતા. ફાઇનલમાં તેણે માત્ર 80 બોલમાં 175 રનની આક્રમક ઇનિંગ રમી હતી. જોકે તેના દાદા ઉપેન્દ્ર પ્રસાદે થોડો રંજ વ્યક્ત કર્યો હતો કે તે બેવડી સદી ચૂકી ગયો, પણ 15 વર્ષની વયે આવી ઇનિંગને ક્રિકેટ નિષ્ણાતો ઐતિહાસિક ગણાવી રહ્યા છે. વૈભવે 7 મેચમાં 62.71ની એવરેજથી કુલ 439 રન ફટકાર્યા હતા, જેના કારણે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' બંને એવોર્ડ આપવામાં આવ્યા હતા. ભોજપુરી તડકા સાથે સેલિબ્રેશન મેદાન પર બેટથી ધમાલ મચાવ્યા બાદ વૈભવે ડ્રેસિંગ રૂમમાં પણ રંગ જમાવ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી એક વીડિયો ક્લિપમાં વૈભવ કહે છે, "ગાઈઝ પંજાબી ગીત નથી સમજાતું, હવે ભોજપુરી વાગશે." ત્યારબાદ પવન સિંહના પ્રખ્યાત ગીત 'સોરી-સોરી' પર આખી ટીમ નાચી ઉઠી હતી. રાજસ્થાન રોયલ્સે પણ આ વીડિયો શેર કરતા કેપ્શનમાં લખ્યું - 'એક બિહારી સબ પે ભારી'. પરિવારમાં ખુશીનો માહોલ વૈભવના પિતા સંજીવ સૂર્યવંશીએ ANI સાથેની વાતચીતમાં જણાવ્યું કે આ ઇનિંગ ઐતિહાસિક છે અને બિહાર સહિત આખા દેશના આશીર્વાદ વૈભવ સાથે છે. તેના કાકા રાજીવ સૂર્યવંશીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે વૈભવ ટૂંક સમયમાં જ મુખ્ય ભારતીય ટીમ (સીનિયર ટીમ) માટે રમતો જોવા મળશે. વૈભવે પોતે આ જીત અને એવોર્ડને સમગ્ર સપોર્ટ સ્ટાફને સમર્પિત કર્યો છે.

ભારતની આ જીતે ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે કે અંડર-19 સ્તરે ભારતની બેન્ચ સ્ટ્રેન્થ વિશ્વમાં સૌથી મજબૂત છે. હવે આ યુવા ખેલાડીઓ IPL અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના મોટા સ્ટેજ પર ચમકવા માટે તૈયાર છે.



**ભારતીય અંડર-19 ટીમે ફાઇનલમાં ઇંગ્લેન્ડને 100 રનથી હરાવી છઠ્ઠી વખત વર્લ્ડ કપ જીત્યો છે. વૈભવ સૂર્યવંશીએ 175 રનની ઐતિહાસિક ઇનિંગ રમી હતી. BCCI એ વિજેતા ટીમ માટે 7.5 કરોડ રૂપિયાના ઇનામની જાહેરાત કરી.**

## વડોદરામાં વીજ કંપનીના દરોડા: ₹25 લાખની ચોરી પકડાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના પાણીગેટ અને માંડવી સબ ડિવિઝન હેઠળ આવતા સંવેદનશીલ વિસ્તારોમાં આજે MGVCL ના વિજિલન્સ વિભાગે વ્યાપક દરોડા પાડ્યા હતા. આ સંયુક્ત કામગીરીમાં ૨૪ ટીમોએ ભાગ લીધો હતો અને કુલ ૮૭૨ વીજ જોડાણોની ચકાસણી કરવામાં આવી હતી. આ સઘન ચેકિંગના અંતે ૨૫.૩૭ લાખ રૂપિયાની વીજ ચોરી અને ગેરરીતિના કિસ્સાઓ સપાટી પર આવ્યા છે. વીજ કંપનીએ બાવામાનપુરા, નૂરાની મસ્જિદ, બાવચાવાડ, રાજપુરાની પોળ, મોગલવાડા, જમનાબાઈ હોસ્પિટલ પાછળ, ગેંડા ફળિયા, પટેલ ફળિયા, દૂધવાળા મહોલ્લા, છીપવાડ અને સરસિયા તળાવ જેવા વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. કુલ ૨૫ જોડાણોમાં વીજ ચોરી અને ૬ જોડાણોમાં ગેરરીતિ નોંધાઈ છે. આ તપાસ દરમિયાન ૧૦ મીટર અત્યંત શંકાસ્પદ જણાયા હતા, જેમને તાત્કાલિક અસરથી સીલ કરી લેબોરેટરી તપાસ માટે મોકલી દેવાયા છે. વીજ કંપનીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મીટરોની ઇન્ટરનલ સર્કિટમાં રેઝિસ્ટર લગાવવામાં આવ્યા હોવાની પ્રબળ આશંકા છે. આ સાધન લગાવવાથી મીટરની ગતિ ધીમી થઈ જાય છે, પરિણામે વીજ વપરાશ વધુ હોવા છતાં બિલ ઓછું આવે છે. આવી જ પદ્ધતિથી દાહોદમાં કરોડો રૂપિયાની વીજ ચોરી ઝડપાઈ હતી, અને હવે વડોદરાના શહેરી વિસ્તારોમાં પણ આ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. લેબોરેટરીના અહેવાલ બાદ વધુ ચોંકાવનારી વિગતો સામે આવવાની શક્યતા છે. મહત્વની વાત એ છે કે, આ વિસ્તારોમાં વીજ કંપનીની ટીમો છેલ્લા ત્રણ મહિનામાં અસંખ્ય વખત દરોડા પાડી ચુકી છે. દરેક વખતે લાખોની ચોરી ઝડપાય છે, છતાં વીજ ચોરીના બનાવો અટકવાનું નામ નથી લેતા. વીજ કંપનીના અધિકારીઓ માટે આ વિસ્તારોમાં વીજ ચોરી કાયમી ધોરણે કેવી રીતે નાબૂદ કરવી તે એક મોટો પડકાર બની ગયો છે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેવાના સંકેતો આપવામાં આવ્યા છે.




## વડોદરા: ICEGATE પોર્ટલ પર વેપારી સાથે ₹8.12 લાખની સાયબર ઠગાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં સાયબર ઠગબાજો હવે સરકારી વેબસાઈટ પર વેપારીઓના પ્રોફાઈલ હેક કરીને લાખો રૂપિયાની ચોરી કરી રહ્યા છે. ગોરવા વિસ્તારમાં રહેતા અને 25 વર્ષથી નિકાસના વ્યવસાય સાથે જોડાયેલા દીપેન શિંગાળા સાથે આવી જ એક ઘટના બની છે. ભારત સરકારના કસ્ટમ વિભાગ દ્વારા એક્સપોર્ટર્સ માટે ચલાવવામાં આવતા 'આઈસગેટ' પોર્ટલ પર વેપારીઓને વિવિધ પ્રોત્સાહન રકમ ક્રેડિટ તરીકે મળતી હોય છે. દીપેનભાઈના જણાવ્યા મુજબ, તેમને મળતા લાભો વર્ષ 2021થી આ પોર્ટલ મારફતે મળતા હતા. જોકે, સપ્ટેમ્બર 2025માં જ્યારે તેઓ રજીસ્ટ્રેશન કરાવવા ગયા ત્યારે સિસ્ટમે જણાવ્યું કે તેમના નામનું એકાઉન્ટ પહેલેથી જ અસ્તિત્વમાં છે. ઊંડી તપાસ કરતા જાણવા મળ્યું કે કોઈ ભેજાબાજે તેમના આઈડી અને પાસવર્ડમાં છેડછાડ કરીને નકલી એકાઉન્ટ ઊભું કરી દીધું હતું. આ શખ્સે સરકારી લાભની 8.12 લાખ રૂપિયાની ક્રેડિટ દીપેનભાઈના ખાતામાં આવવાને બદલે અન્ય કોઈ ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. પોતાની સાથે થયેલી આ હાઈટેક ચોરીની જાણ થતા જ તેમણે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે આ અને લોગ-ઈન વિગતોના આધારે આરોપી સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે. મામલે ગુનો દાખલ કરી બેંક ટ્રાન્ઝેક્શન




**વડોદરાના એક ટ્રેડર સાથે સરકારી 'આઈસગેટ' પોર્ટલ પર છેતરપિંડી થઈ છે. કોઈ અજાણ્યા શખ્સે વેપારીના નામે નકલી એકાઉન્ટ બનાવી 8.12 લાખ રૂપિયાની સરકારી ક્રેડિટ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી. વડોદરા સાયબર સેલે આ મામલે તપાસ શરૂ કરી છે.**

## ડભોઈ: ઓરસંગ નદીમાં ગેરકાયદે રેતી ખનનથી જળ સંકટનું જોખમ

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઇ તાલુકામાં ઓરસંગ નદીના પટમાં ખનીજ માફિયાઓ દ્વારા આચરવામાં આવતી લૂંટ હવે લોકચર્ચાનો વિષય બની છે. ભીમપુરા અને કરણેટ ગામના સીમાડાઓમાં રાત્રિના સમયે જેસીબી અને ડમ્પરોની ગર્જના સંભળાય છે, જે ગેરકાયદે રેતી ખનનનો પુરાવો છે. ખાણ-ખનીજ વિભાગ અને સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા સામે જાગૃત નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સૌથી ગંભીર સ્થિતિ ભીમપુરા પાસે છે, જ્યાં નગરપાલિકાના પીવાના પાણીના મુખ્ય બોરવેલ આવેલા છે. રેતીનું સ્તર ઘટવાથી ભૂગર્ભ જળ ઊંડા ઉતરી ગયા છે, જેના કારણે અત્યારથી જ પાણીની સમસ્યા દેખાઈ રહી છે. આ 'સફેદ રેતીના કાળા ખેલ' માં પરમિશન વગરના વાહનો બેરોકટોક રોડ પર દોડી રહ્યા છે. આ ઓવરલોડ વાહનોએ લાખોના ખર્ચે બનેલા નવા રસ્તાઓનું પણ નિકંદન કાઢ્યું છે. માર્ગો પરથી પસાર થતી ભીની રેતી રસ્તાઓને નુકસાન પહોંચાડી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સરકારને

**ડભોઇના ભીમપુરા અને કરણેટ પાસે ઓરસંગ નદીમાં રેતી માફિયાઓ દ્વારા ગેરકાયદે ખનન તેજ કરાયું છે. રાત્રિના અંધકારમાં ચાલતા આ કાળા કારોબારને કારણે ભૂગર્ભ જળ સ્તર નીચા જઈ રહ્યા છે, જેનાથી આગામી ઉનાળામાં પીવાના પાણીનું ગંભીર સંકટ સર્જાવવાની ભીતિ છે**



મળવાપાત્ર લાખો રૂપિયાની રોયલ્ટી ડબાવીને આ વેપલો ચલાવવામાં આવે છે. જો તંત્ર આ ઘોર નિદ્રામાંથી નહીં જાગે તો આગામી ઉનાળામાં જળ સંકટ ભયાનક સ્વરૂપ ધારણ કરશે. ડભોઇના રહેવાસીઓની એક જ માંગ છે કે પીવાના પાણીના સ્ત્રોતને બચાવવા માટે નદીમાં ચાલતી આ લૂંટ તાત્કાલિક અટકાવવામાં આવે અને જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે.

## વડોદરામાં વેપારી પાસેથી સ્ટીલની પાઈપો મંગાવી છેતરપિંડી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર રહેતા વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ઘટના સામે આવી છે. નરસિંહભાઈ ચૌધરી નામના ફર્નિચર વેપારીની દુકાને ગત 21મી જાન્યુઆરીએ મંગલારામ જાટ આવ્યો હતો અને 850 કિલો સ્ટીલની પાઇપોનો ઓર્ડર આપ્યો હતો. જેની કિંમત 1.39 લાખ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. વેપારીએ વિશ્વાસ રાખી ટેમ્પા દ્વારા સામાન મોકલી આપ્યો હતો, પરંતુ જ્યારે પૈસા લેવાની વાત આવી ત્યારે મંગલારામે બહાનાબાજી શરૂ કરી હતી. તેણે એટીએમ સેન્ટર પર જઈને પૈસા આપવાનું કહી વેપારીને ખોટા વાયદા કર્યા હતા. લાંબા સમય સુધી નાણાં ન મળતા અને તપાસ કરતા માલુમ પડ્યું હતું કે આરોપીએ 850 કિલોમાંથી આશરે 650 કિલો જેટલો કિંમતી સામાન સગેવગે કરી દીધો છે. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા નરસિંહભાઈએ પાણીગેટ પોલીસ મથકમાં મંગલારામ જાટ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.



તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરામાં ભ્રષ્ટાચારનો રોડ: ૪૮ કલાકમાં હાથથી ઉખડવા લાગી કાંકરીઓ

## વડોદરામાં ભ્રષ્ટાચારનો નમૂનો: હાથથી ઉખડ્યો નવો બનાવેલો રોડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં ભ્રષ્ટાચારનો પોપડો ઉખડ્યો છે અને આ વખતે પુરાવા સાથે! નવાયાર્ડના સરસ્વતીનગર વિસ્તારમાં અંદાજે ૧૫ લાખ રૂપિયાના ખર્ચે બનેલો રોડ વિકાસના બણગા ફૂંકતા તંત્રની અસલિયત છતી કરી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આ રોડ બન્યાને હજુ ૪૮ કલાક પણ પૂર્ણ થયા નથી અને રોડના પોપડા હાથથી જ ઉખડવા લાગ્યા છે. સ્થાનિક રહીશોએ જેવો રોડ હાથથી ઉખાડ્યો કે તરત જ તેની નીચે રહેલી હલકી ગુણવત્તાની સામગ્રી બહાર આવી ગઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં જ અધિકારીઓને ભ્રષ્ટાચાર સામે કડક સૂચના આપી હતી, પરંતુ વડોદરામાં તો જાણે કોન્ટ્રાક્ટરો અને એન્જિનિયરોએ ભ્રષ્ટાચારના શ્રીગણેશ કરી દીધા હોય તેવું લાગે છે. ચૂંટણીલક્ષી ઉતાવળમાં ૩૦ વર્ષ બાદ આ વિસ્તારને રોડ નસીબ થયો હતો, પણ કોન્ટ્રાક્ટર ડી.બી.પટેલની નિમ્ન કક્ષાની કામગીરીએ જનતાની આશા પર પાણી ફેરવી દીધું છે. જ્યારે આ ગંભીર ભ્રષ્ટાચાર અંગે ડેપ્યુટી એન્જિનિયર નૈષધ શાહને પૂછવામાં આવ્યું, ત્યારે તેઓ મીડિયાના સવાલોથી ડરીને ભાગ્યા હતા અને "તપાસ કરવામાં આવશે" કહીને મૌન સેવ્યું હતું.

બ્રિજ શાખાના કાર્યપાલક ઈજનેરે તો આ વિસ્તાર કોર્પોરેશનનો નથી તેમ કહી હાથ ઊંચા કરવાનો પ્રયાસ કર્યો હતો. સવાલ એ છે કે જો ૪૮ કલાકમાં રોડ તૂટી જતો હોય, તો અધિકારીઓ શું ઉંઘતા હતા? શું કોન્ટ્રાક્ટરને ચૂકવાયેલા ૧૫ લાખ રૂપિયા જનતાની પરસેવાની કમાણી નથી? અધિકારીઓની આ ઉડાઉ જવાબદારી અને કોન્ટ્રાક્ટરની લાલચને કારણે વડોદરાના રસ્તાઓ કાગળ જેવા સાબિત થઈ રહ્યા છે. તંત્ર માત્ર તપાસના નાટક કરીને ભ્રષ્ટાચારને છાવરવાનું બંધ કરે અને જવાબદારો સામે કડક પગલાં ભરે તેવી જનતાની પ્રબળ માંગ છે.



**વડોદરાના નવાયાર્ડ વિસ્તારના સરસ્વતીનગરમાં તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતનો ખુલ્લો પુરાવો સામે આવ્યો છે. મુખ્યમંત્રીની કડક સૂચના છતાં અધિકારીઓએ ભ્રષ્ટાચાર આચરવામાં કોઈ કસર બાકી રાખી નથી. ૧૫ લાખના ખર્ચે બનેલો રોડ ૪૮ કલાક પણ ટકી શક્યો નથી અને હવે હાથથી જ ઉખડી રહ્યો છે. જ્યારે મીડિયાએ સવાલો કર્યા ત્યારે ડેપ્યુટી એન્જિનિયર નૈષધ શાહ જવાબ આપવાને બદલે ભાગતા નજરે પડ્યા હતા. ૩૦ વર્ષ બાદ મળેલો રોડ તૂટતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.**

# સાવલી-ઉદલપુર માર્ગ: તંત્રની બેદરકારીથી વાહનચાલકો નરક જેવી સ્થિતિમાં

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલીથી ઉદલપુર માર્ગ પરનો પ્રવાસ હવે મુસાફરી નહીં પણ મરણતુલ્ય સંઘર્ષ બની ગયો છે. ૨૨ કિલોમીટરના આ માર્ગ પર છેલ્લા બે વર્ષથી વાહનચાલકો તૂટેલા રસ્તા અને મસમોટા ખાડાઓ સામે લડાઈ લડી રહ્યા છે. ફોરલેન બનાવવાની કામગીરી એટલી ધીમી છે કે કામ પૂર્ણ થવામાં હજુ વર્ષ વીતી જાય તેમ છે. આ વિલંબ પાછળ કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગત હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

શિહોરા ચોકડીથી પાંડુ ચોકડી સુધી આરસીસીનું કામ ટુકડે-ટુકડે ચાલુ છે, પણ બાકીનો આખો રસ્તો ખાડાઓથી ખદબદે છે. વાહનચાલકોના વાહનો ખાડામાં પછડાતા તેના સ્પેરપાર્ટ્સ તૂટી રહ્યા છે અને લોકોના હાડકાં પણ ખોખલા થઈ રહ્યા છે. તંત્રએ જે નાળા નાખ્યા છે, તે જગ્યાએ માત્ર ધૂળ ઉડે છે, જે રાહદારીઓના સ્વાસ્થ્ય સાથે પણ ચેડાં છે. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં તેઓ માત્ર માટી પુરાણ કરીને છટકબારી શોધે છે. વરસાદ હોય કે ધૂળ, માટીનું પુરાણ માત્ર બે-ત્રણ દિવસ ટકે છે. પ્રજાના જીવ અને નાણાંની કોઈ કિંમત ન હોય તેમ તંત્ર નિંભર બનીને બેઠું છે. સ્થાનિકો હવે રોડ ચક્કાજામ જેવા ઉગ્ર આંદોલન તરફ વળે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.



**સાવલી-ઉદલપુર ફોરલેન માર્ગ તંત્રની નિષ્ફળતાનું જીવતું જાગતું ઉદાહરણ બન્યો છે. છેલ્લા બે વર્ષથી મસમોટા ખાડા અને ધૂળની ડમરીઓ વચ્ચે જનતા પીસાઈ રહી છે, છતાં ભ્રષ્ટ તંત્રના પેટનું પાણી હલતું નથી. અકસ્માતોની હારમાળા છતાં ઉકેલ શૂન્ય છે.**

# સર ટી હોસ્પિટલની કમાલ: 15 વર્ષે જન્મેલા 4 બાળકો સ્વસ્થ

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગરની સર ટી હોસ્પિટલના NICU વિભાગે તબીબી જગતમાં પ્રશંસનીય સિદ્ધિ હાંસલ કરી છે. તલાજાના ભાળર ગામના એક શ્રમિક દંપતીને ત્યાં લગ્નના ૧૫ વર્ષ બાદ IVF પદ્ધતિથી ચાર બાળકોનો જન્મ થયો હતો. જોકે, આ બાળકો અધૂરા માસે જન્મેલા હોવાથી તેમનું વજન માત્ર ૭૮૦ થી ૮૫૦ ગ્રામ હતું. ડો. મેહુલ ગોસાઈની ટીમ દ્વારા ૬૩ દિવસ સુધી આપવામાં આવેલી અદ્યતન સારવાર બાદ ચારેય બાળકોનું વજન વધ્યું છે અને તમામ રિપોર્ટ્સ નોર્મલ આવતા તેમને રજા અપાઈ છે. આ સફળતાએ સાબિત કર્યું છે કે સરકારી હોસ્પિટલમાં પણ શ્રેષ્ઠ સારવાર શક્ય છે.



## સાવલીના પરથમપુરા ગામની સીમમાં દીપડાનું રહસ્યમય મોત

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી તાલુકાના પરથમપુરા ગામમાં વન્યજીવ પ્રેમીઓમાં શોકની લહેર પ્રસરી છે, કારણ કે ગામની સીમમાંથી એક દીપડો મૃત હાલતમાં મળી આવ્યો છે. ખેતરની કાંટાળી વાડ પાસે દીપડાનો મૃતદેહ જોઈને ગામના લોકોમાં ફફડાટ સાથે આશ્ચર્ય ફેલાયું હતું. ગામના સરપંચ દ્વારા તત્કાલ વન વિભાગને સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

માહિતી મળતાની સાથે જ સાવલી વન વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને સ્થળ તપાસ હાથ ધરી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, મૃત દીપડો નર જાતિનો અને અંદાજે પાંચ વર્ષની ઉંમરનો હોવાનું જણાય છે. દીપડાના શરીર પર કોઈ દેખીતી ઈજાના નિશાન છે કે કેમ તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. વન વિભાગે મૃત દીપડાનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. આ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે કે દીપડાનું મોત કુદરતી છે, બીમારીના કારણે થયું છે કે પછી શિકારનો કોઈ પ્રયાસ હતો.

## વડોદરામાં ટ્રાફિક દબાણ ઝુંબેશ: 84 લોકોને ફટકારાયા દંડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના મુખ્ય માર્ગો પર વધતા ટ્રાફિકને રોકવા માટે પોલીસ કમિશનરના આદેશ બાદ ટ્રાફિક વિભાગે કડક કાર્યવાહી શરૂ કરી છે. ગુરુવારના રોજ પૂર્વ ટ્રાફિક શાખા અને કારેલીબાગ પોલીસની સંયુક્ત ટીમે કારેલીબાગ પોલીસ સ્ટેશનથી શરૂ કરીને નાગરવાડા ચાર રસ્તા, બહુચરાજી રોડ અને સલાટવાડા રોડ પર ખાસ ઝુંબેશ ચલાવી હતી.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય નો-પાર્કિંગમાં ઉભેલા વાહનો, માર્ગ પર બિનવારસી પડેલા વાહનો અને ફૂટપાથ પરના દબાણો હટાવવાનો હતો. કામગીરી દરમિયાન ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા 84 નાગરિકોને ઈ-ચલણ ફટકારવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જાહેર માર્ગો પર નડતરરૂપ બનતા 9 વાહનોને ક્રેઈન દ્વારા ટોઈંગ કરવામાં આવ્યા હતા. શહેરના મુખ્ય માર્ગો દબાણોને કારણે સાંકડા થઈ જતા હોવાથી વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. ટ્રાફિક શાખાએ સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં પાલિકાની ટીમને સાથે રાખીને અન્ય વિસ્તારોમાં પણ આ પ્રકારે દબાણ હટાવવાની કામગીરી તેજ કરવામાં આવશે.

## તરસાલી: પાર્કિંગના ઝઘડામાં કમિટી મેમ્બરે ચપ્પુ માર્યું

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના તરસાલી વિસ્તારમાં રહિશો વચ્ચેના આંતરિક ઝઘડાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. સમૃદ્ધિ આનંદમ ફ્લેટના 'ડી' ટાવરમાં રહેતા અને ખાનગી કંપનીમાં પ્રોગ્રામર તરીકે ફરજ બજાવતા નિરવ પટેલ પર કમિટી મેમ્બર વિવેક પરમારે જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર વિવાદ કાર પાર્કિંગની જગ્યા બાબતે શરૂ થયો હતો.

નિરવભાઈએ પાર્કિંગ માટે રકમ ચૂકવી જગ્યા લીધી હોવા છતાં ત્યાં અન્ય ગાડીઓ પાર્ક થતી હતી. ગુરુવારે તેમણે આ અંગે વિવેકને જાણ કરી ત્યારે વિવેકે ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો અને થોડી જ વારમાં તેમના ઘરે પહોંચી ચપ્પાના ઘા ઝીંકી દીધા હતા. આ હુમલામાં નિરવભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા, પરંતુ પાડોશીઓની સતર્કતાથી તેમનો જીવ બચી ગયો હતો.

આ વિવાદની પૃષ્ઠભૂમિમાં અગાઉના ઝઘડા પણ સામે આવ્યા છે. સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં વિવેકે નિરવભાઈની પત્ની સાથે બોલાચાલી કરી હતી. હુમલો કર્યા બાદ આરોપી વિવેક પરમારે ચાલાકી વાપરી ગ્રુપમાંથી પોતાની વાંધાજનક ચેટ ડિલીટ કરી નાખી હતી. હાલમાં નિરવભાઈ સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને મકરપુરા પોલીસે હુમલાખોર કમિટી મેમ્બર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

**તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫**

# પાલિકાનો વિવાદિત નિર્ણય: સ્વદેશીને બદલે મોંઘા વિદેશી સ્વીપર મશીન ખરીદાશે

**દૈનિક પલ્સ સમાચાર:** પાલિકામાં 'મેક ઇન ઇન્ડિયા'ના સપનાને બાજુ પર મૂકીને વિદેશી સ્વીપર મશીનોની ખરીદીનો મામલો ગરમાયો છે. સ્થાયી સમિતિએ રૂ. 1.20 કરોડની કિંમતના સ્વદેશી મશીનોને બદલે ઇટલીની બનાવટના રૂ. 3.45 કરોડના એક એવા 6 રોડ સ્વીપર મશીનો ખરીદવાની દરખાસ્તને મંજૂરી આપી છે. ગત વર્ષે 10 મશીનો માટે ટેન્ડર મગાવાયા ત્યારે સ્વદેશી કંપનીએ ઓફર આપી હતી, પરંતુ તે ટેન્ડર 180 દિવસની મુદત સુધી કોઈ નિર્ણય વગર પડતર રાખવામાં આવ્યું હતું.

નવા ટેન્ડરમાં ઓમ સ્વચ્છતા નામની એજન્સી દ્વારા રજૂ કરાયેલા વિદેશી મશીનોની કિંમત સ્વદેશી કરતા લગભગ ત્રણ ગણી વધારે છે. આ મશીનોની કાર્યક્ષમતામાં પણ મોટો તફાવત છે. સ્વદેશી મશીનની ટેન્ક ક્ષમતા 1200 લિટર છે, જ્યારે વિદેશીની માત્ર 600 લિટર છે. મેન્ટેનન્સની વાત કરીએ તો સ્વદેશી મશીનનો 8 કલાકનો ખર્ચ રૂ. 15,000 છે, જ્યારે વિદેશી મશીનનો ખર્ચ રૂ. 36,900 સુધી પહોંચે છે. વિપક્ષે આ સમગ્ર પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની ગંધ આવતી હોવાનું જણાવી વિરોધ કર્યો છે. બીજી તરફ સત્તા પક્ષનું કહેવું છે કે આ મશીનો આધુનિક છે અને અન્ય મોટા શહેરોમાં પણ તેનો વપરાશ થઈ રહ્યો છે. જોકે, સ્વદેશી મશીનો પહેલેથી જ સુરત, અમદાવાદ અને પટના જેવા 12 શહેરોમાં સફળતાપૂર્વક કાર્યરત છે, ત્યારે વિદેશી મશીનોની પસંદગી ચર્ચાનો વિષય બની છે.



## ભાવનગર ભાજપ સંગઠન જાહેર, ભાવેશ રબારીનું હાર્ટએટેકથી મોત



**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહે લાંબા સમયની રાહ જોયા બાદ નવા સંગઠનની યાદી જાહેર કરી છે. જેમાં 8 ઉપપ્રમુખ, 3 મહામંત્રી અને વિવિધ મોરચાના હોદ્દેદારોની વરણી કરાઈ છે. જોકે, આ જાહેરાત બાદ તરત જ બક્ષીપંચ મોરચાના નવા પ્રમુખ ભાવેશ રબારીનું હાર્ટએટેકથી નિધન થયું છે. નિમણૂક મળ્યાની થોડી જ વારમાં આ દુઃખદ ઘટના ઘટતા પરિવાર અને પક્ષમાં શોકની કલિમા છવાઈ ગઈ છે.

## ચિત્રા યાર્ડમાં વેપારી પર છરા વડે હુમલાનો પ્રયાસ



**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગરના ચિત્રા માર્કેટિંગ યાર્ડમાં બટેટાનો થડો પાથરવા બાબતે વેપારી રાજેન્દ્રસિંહ જાડેજા અને ચંદન રણજીતભાઈ વચ્ચે ઉગ્ર વિવાદ થયો હતો. વેપારીએ થડો હટાવવાનું કહેતા ચંદને ઉશ્કેરાઈને છરા વડે હુમલો કરવાની કોશિશ કરી હતી. અન્ય વેપારીઓએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો, જ્યારે આરોપી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## વડોદરા: પરિણીતાને બ્લેકમેલ કરી દુષ્કર્મ ગુજારનાર ઝડપાશે




**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગરની ફાઇનાન્સ કંપનીના મેનેજર નરેશ પરમાર પર પૂર્વ કર્મચારી રામદેવસિંહ સરવૈયા અને તેના ત્રણ સાથીઓએ હિંસક હુમલો કર્યો છે. આરોપીને વહેમ હતો કે મેનેજરે કંપનીમાં ખોટી રજૂઆત કરી તેનું રાજીનામું અપાવ્યું છે. આ અદાવતમાં સળિયા અને ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વડોદરા કોંગ્રેસનો પર્દાફાશ: ભાજપ પર 'ઓપરેશન સરકાર ચોરી'નો આક્ષેપ

## ભાજપના નેતાઓ પર મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે સત્તાધારી ભાજપ પક્ષ પર 'વોટ ચોરી' અને લોકશાહી સાથે ચેડાં કરવાના ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. 'ઓપરેશન સરકાર ચોરી' હેઠળ યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ દસ્તાવેજી પુરાવા સાથે જણાવ્યું હતું કે, ભાજપના નેતાઓ અને કોર્પોરેટરોએ મતદાર યાદી સુધારણા (SIR) પ્રક્રિયાનો દુરુપયોગ કરીને હજારો સાચા મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર રચ્યું છે.

કોંગ્રેસના જણાવ્યા અનુસાર, વડોદરાની પાંચ વિધાનસભા બેઠકો પર અંદાજે 47,000 જેટલા મતદારો સામે વાંધા ઉઠાવવામાં આવ્યા છે. જેમાં વોર્ડ નંબર 4 ના કોર્પોરેટર અજીત દધીચે 122 અને શિક્ષણ સમિતિના ચેરમેન આદિત્ય પટેલે 30 વાંધા લીધા છે. આ ઉપરાંત કોર્પોરેટર જાગૃતિ કાકા અને જ્યોતિ પટેલના નામ પણ આ યાદીમાં હોવાનો દાવો કરાયો છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે દેવેશ પટેલ નામના વ્યક્તિના 25 એપિક આઈડી અને સીએન માછીના 20 એપિક આઈડી પરથી વાંધા ઉઠાવવામાં આવ્યા છે, જે મોટા પાયે આચરવામાં આવેલા આર્થિક અથવા રાજકીય છબરડા તરફ ઈશારો કરે છે.

ઋત્વિજ જોષીએ આક્ષેપ કર્યો કે ગુજરાત સરકારના મહિલા મંત્રી મનીષા વકીલના વિસ્તારમાં પણ મોટા પાયે ખોટું કામ થયું છે. તેમણે કલેક્ટરને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું કે, "અમે રજૂ કરેલા પુરાવા જો ખોટા હોય તો કલેક્ટર તે સાબિત કરી બતાવે." કોંગ્રેસનો દાવો છે કે ભાજપ અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં પણ વોટ ચોરી કરીને સત્તા મેળવવાની ફિરાકમાં છે. આ મામલે જિલ્લા ચૂંટણી અધિકારીને 10 થી 12 વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આથી કોંગ્રેસે હવે આ મામલે જવાબદારો વિરુદ્ધ રાષ્ટ્રદ્રોહનો ગુનો દાખલ કરવાની માંગ કરી છે અને આગામી દિવસોમાં આ મામલે પોલીસ ફરિયાદ અને કાનૂની લડત આપવાની ચીમકી ઉચ્ચારી છે. જનતાના મતાધિકાર પર તરાપ મારનારાઓને પાઠ ભણાવવા કોંગ્રેસ હવે આંદોલનાત્મક માર્ગ અપનાવશે.




**વડોદરા કોંગ્રેસે 'ઓપરેશન સરકાર ચોરી' હેઠળ ભાજપ પર મતદાર યાદીમાં ગેરરીતિનો આક્ષેપ કર્યો છે. કોંગ્રેસનો દાવો છે કે ભાજપના કોર્પોરેટરોએ 47,000 જેટલા સાચા મતદારોના નામ કમી કરવા માટે ખોટા વાંધા ઉઠાવી લોકશાહીનું હનન કરવાનું ષડયંત્ર રચ્યું છે.**

# વડોદરાના બજેટનો ભવ્ય ઈતિહાસ: સયાજીરાવના શાસનમાં ક્યારેય ખાધ નહોતી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના બજેટનો ઇતિહાસ માત્ર આંકડા નથી, પણ સુશાસનનો દસ્તાવેજ છે જે આજના વહીવટકર્તાઓ માટે લપડાક સમાન છે. 1875માં ભારતની આર્થિક બાબતોના પિતામહ ગણાતા દાદાભાઇ નવરોજીએ વડોદરાનું પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. મહારાજા સયાજીરાવે આ પરંપરાને આગળ ધપાવી અને તેમના 63 વર્ષના દીર્ઘકાલીન શાસન દરમિયાન ક્યારેય બજેટમાં એક પૈસાની પણ ખાધ આવવા દીધી નહોતી. જે વડોદરા આજે દેવાના ડુંગર નીચે દબાયેલું છે, તે સમયે ત્યાં દર વર્ષે 3થી 4 હજારની પુરાંત રહેતી હતી. આજના સમયમાં ‘પીપીપી’ મોડેલના નામે મોટા પ્રોજેક્ટ્સમાં ખાનગી કંપનીઓને ફાયદો કરાવવામાં આવે છે, પરંતુ સયાજીરાવના સમયમાં સાચું પબ્લિક પાર્ટિસિપેશન હતું. મહાજનો અને વેપારીઓ રાજ્યના વિકાસ માટે સ્વૈચ્છિક ફાળો આપતા અને મહારાજા પોતે પણ પોતાના અંગત ભંડોળમાંથી રકમ ઉમેરતા. બજેટના મોનિટરિંગ માટે પારસી, મુસ્લિમ, જૈન, પટેલ, બ્રાહ્મણ અને ક્ષત્રિય સહિત તમામ સમાજના પ્રતિનિધિઓનું મંડળ રહેતું, જે આજે માત્ર રાજકીય વગ ધરાવતા લોકો પૂરતું મર્યાદિત છે.

ઇતિહાસકાર બાબા ભાંડ નોંધે છે કે, મહારાજા સયાજીરાવે બિનજરૂરી લ્હાણીઓ પર કડક કાપ મૂક્યો હતો. રાજ્યના બજેટના 7-8 ટકા રકમ ખીચડીમાં વપરાતી હતી, જે તેમણે માત્ર ખરેખર નિરાધારો માટે જ મર્યાદિત કરી હતી. ભ્રષ્ટાચાર પકડવાની તેમની રીત પણ અનોખી હતી. જ્યારે રાજવી પરિવાર અને અમલદારોના પાન-મસાલાનો ખર્ચ વધ્યો, ત્યારે મહારાજાએ માત્ર ચૂનાના વપરાશનો રિપોર્ટ મગાવ્યો અને ચોરી પકડી પાડી. અહીંથી જ ‘ચૂનો ચોપડવો’ શબ્દ પ્રચલિત થયો. કમનસીબી એ છે કે, જે નગરમાં એક સમયે ચૂના જેવી નાની બાબતમાં પણ શાસકની નજર રહેતી હતી, ત્યાં આજે મોટા પ્રોજેક્ટ્સમાં ખુલ્લેઆમ પ્રજાના નાણાંનો વ્યય થઈ રહ્યો છે. આજના શાસકો સયાજીરાવનું નામ તો લે છે, પણ તેમના આર્થિક શિસ્તને અનુસરવામાં સદંતર નિષ્ફળ રહ્યા છે.




# ડભોઈ: ચેક બાઉન્સ કેસમાં આરોપીને ૧ વર્ષની કેદની સજા

**દૈનિક પલ્સ સમાચાર:** ડભોઈ શહેરમાં ચેક બાઉન્સના કેસમાં કોર્ટે લાલ આંખ કરી છે. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ખત્રી સમીર ઇબ્રાહીમભાઈ સામે ડભોઈના બે વેપારીઓએ નોંધાવેલી ફરિયાદમાં કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી જેલની સજા ફટકારી છે. આરોપીએ ધંધાકીય વ્યવહારના બાકી નાણાંની ચુકવણી માટે ચેક આપ્યા હતા, જે બેંક ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત ફર્યા હતા.

આ મામલે વેપારીઓએ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. એક વર્ષ અને ત્રણ મહિનાની કાનૂની કાર્યવાહી બાદ એડી. ચીફ જજ શ્રીમતી કૃષ્ણા સુધીર ખન્નાએ ચુકાદો આપ્યો કે આરોપીએ બંને ફરિયાદીઓને કુલ ₹૫,૧૭,૦૦૦નું વળતર ચૂકવવું પડશે અને એક-એક વર્ષની જેલ ભોગવવી પડશે. કોર્ટના આદેશ બાદ આરોપીને તુરંત જ ધરપકડ કરી જેલમાં મોકલી દેવાયો છે. ડભોઈ શહેર અને તાલુકાના વેપારી સંગઠનોએ આ કડક અને ત્વરિત ન્યાયિક પ્રક્રિયાને આવકારી છે, જે આર્થિક છેતરપિંડી કરનારા તત્વો માટે એક બોધપાઠ સમાન છે.

**ડભોઈ કોર્ટે ચેક બાઉન્સના બે અલગ-અલગ કેસોમાં મહત્વનો ચુકાદો આપતા ભરૂચના આરોપીને એક-એક વર્ષની કેદની સજા ફટકારી છે. આરોપીએ વેપારીઓને કુલ ₹૫,૧૭,૦૦૦ ચૂકવવાનો પણ આદેશ કરાયો છે. ચુકાદા બાદ આરોપીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે.**

# ડાંગીકુવા શાળાનો પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં વર્લ્ડ રેકોર્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં પર્યાવરણ જતન માટે ચાલી રહેલા 'પ્લાસ્ટિક મુક્ત શાળા' અભિયાનમાં ડભોઇની ડાંગીકુવા પ્રાથમિક શાળાએ આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે. શાળાના વિદ્યાર્થીઓએ ૧૦૦૮ પ્લાસ્ટિકની બોટલો એકત્ર કરી વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડ્સમાં ભાગીદારી નોંધાવી છે. આ ઉમદા કાર્ય બદલ મુખ્ય શિક્ષક રાકેશકુમાર ભાટીયાનું ડભોઇ નાયબ કલેક્ટર અને મામલતદાર દ્વારા સન્માન કરાયું હતું. શાળામાં બાળકોના જન્મદિવસે ચોકલેટને બદલે પક્ષીઓને ચણ અને કીડીઓને લોટ આપવાની નવી પરંપરા શરૂ કરી પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા કેળવવામાં આવી રહી છે.



**વડોદરાના ડભોઇની ડાંગીકુવા પ્રાથમિક શાળાએ 'પ્લાસ્ટિક મુક્ત શાળા' અભિયાન હેઠળ વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. મુખ્ય શિક્ષક રાકેશકુમાર ભાટીયાને તેમની પ્રશંસનીય પર્યાવરણ લક્ષી કામગીરી બદલ નાયબ કલેક્ટર દ્વારા વિશેષ મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

# વડોદરા: એમેઝોન ડિલિવરી બોયે આઈફોન ચોરી ડમી મોબાઈલ મૂક્યા, ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં એમેઝોન કંપનીના 'એમેઝોન ફ્લેક્સ' એપ્લિકેશન દ્વારા પાર્સલ ડિલિવરી કરતા એક યુવકે ટૂંકા રસ્તે પૈસા કમાવવા જતાં જેલના સળિયા પાછળ જવાનો વારો આવ્યો છે. સુભાનપુરા વિસ્તારના એક ડિલિવરી સ્ટોરમાં માત્ર 20 દિવસ પહેલા નોકરીએ લાગેલા મનોજ સોલંકીએ ₹2.56 લાખના કિંમતી એપલ પ્રોડક્ટ્સની ચોરી કરી હતી.

આરોપીએ ચાલાકી વાપરીને આઈફોન 17 પ્રોના બે બોક્સ અને એરપોડ્સના પાર્સલમાંથી અસલી પ્રોડક્ટ કાઢી લીધી હતી અને ગ્રાહકો કે કંપનીને ખબર ન પડે તે રીતે તેમાં ડમી મોબાઈલ ગોઠવી દીધા હતા. કંપનીના ઓડિટ દરમિયાન જ્યારે આ પાર્સલની ચકાસણી કરવામાં આવી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. બોક્સમાં આઈફોનને બદલે પ્લાસ્ટિકના ડમી ફોન મળી આવ્યા હતા. લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા જ ટીમે તપાસ તેજ કરી અને આરોપી મનોજ સોલંકીની ધરપકડ કરી છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે તેણે એક ફોન પોતાની પાસે રાખ્યો હતો અને બીજો ફોન તેમજ એરપોડ્સ તેના મિત્રને સાચવવા માટે આપ્યા હતા. પોલીસ હવે તે મિત્રની શોધખોળ કરી રહી છે. આ ઘટનાએ ઓનલાઈન શોપિંગ કંપનીઓ માટે ડિલિવરી બોયની ભરતી સમયે કરવામાં આવતા વેરિફિકેશન સામે સવાલો ઉભા કર્યા છે.



**વડોદરામાં એમેઝોનના ડિલિવરી બોયે પાર્સલમાંથી ₹2.56 લાખના બે આઈફોન-17 પ્રો અને એરપોડ્સ ચોરી કરી ડમી મોબાઈલ મૂકી દીધા હતા. લક્ષ્મીપુરા પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી મનોજ સોલંકીની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કરવાની તજવીજ હાથ ધરી છે.**


# ખોદકામ બાદ પુરાણ ન થતા એસટી બસ ખાડામાં ખૂંપી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગરપાલિકાના આયોજન વગરના ખોદકામે આજે ૨૦ મુસાફરોને મોતના મુખમાં ધકેલી દીધા હોત. નિઝામપુરા એસટી ડેપોની બહાર સુરત-ખેડા એક્સપ્રેસ બસ પોચી જમીનમાં ખૂંપી જતાં મુસાફરો હેબતાઈ ગયા હતા. હકીકતમાં, અહીં પાણીની લાઈન માટે ખોદકામ કર્યા બાદ ખાડો માત્ર ધૂળ નાખીને પૂરી દેવાયો હતો. આ બેદરકારીનું પરિણામ એ આવ્યું કે બસના બંને આગળના પૈડા અંદર ધસી ગયા હતા. બપોરે ૩:૩૦ વાગ્યે બનેલી આ ઘટના બાદ મુસાફરોને મહામુસીબતે બહાર કાઢવામાં આવ્યા હતા. તંત્રની આળસનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે ૩ કલાક સુધી એસટી વિભાગે બસ કાઢવા માટે ક્રેઈનની રાહ જોવી પડી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, નજીકમાં અન્ય સ્થળોએ પણ આવી જ રીતે જીવલેણ ખાડાઓ છોડી દેવામાં આવ્યા છે. વહીવટી તંત્રની આ નિંભરતાના કારણે મુસાફરોએ તો હાલાકી ભોગવી જ, પણ સાથે સાથે સેંકડો વાહનચાલકો પણ કલાકો સુધી ટ્રાફિકમાં રઝળ્યા હતા.




# સુરેશ પાનસુરીયા છેતરપિંડી કેસમાં સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપની મહત્વની સ્પષ્ટતા

**દૈનિક પલ્સ સમાચાર**: વડોદરાના વેપારી દર્શિત શાહ સાથે રૂ. 3 કરોડની રોકાણ છેતરપિંડી મામલે અમરેલી જિલ્લા ભાજપના નેતા સુરેશ પાનસુરીયા સહિત પરિવારના સભ્યો મુશ્કેલીમાં મુકાયા છે. હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ડિસેમ્બર 2023માં સુરેશભાઈએ શ્રી સિદ્ધેશ્વર પેરેડાઇઝ અને શ્રી સિદ્ધેશ્વર પ્રાઇમ પ્લસ પ્રોજેક્ટમાં રોકાણ કરાવી માસિક 2 ટકા વળતરની લાલચ આપી હતી. જોકે, જાન્યુઆરી 2025થી વળતર બંધ થઈ ગયું અને રકમ પરત માંગતા આરોપીઓએ અસભ્ય વર્તન કરી ધમકીઓ આપી હતી. આ કેસમાં સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપના એમડી શૈલેષ ગોલવિયાએ મોટું નિવેદન આપતા જણાવ્યું છે કે, એસ.પી. ગ્રુપ અને તેમનું ગ્રુપ સંપૂર્ણપણે અલગ છે. તેમના ગ્રુપના લોગોનો ખોટી રીતે ઉપયોગ કરીને નામ ખરાબ કરવાનો પ્રયાસ થયો છે, જે બદલ તેમણે નોટિસ પણ આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ફરિયાદી દર્શિતભાઈએ તેમના પ્રોજેક્ટમાં ફ્લેટ બુક કરાવ્યા હોવાથી તેઓ તેમને ઓળખે છે, પરંતુ પાનસુરીયા પરિવાર સાથે તેમનો કોઈ ધંધાકીય સંબંધ નથી. બીજી તરફ, ફરિયાદીનો આક્ષેપ છે કે પિતાની કેન્સરની સારવાર માટે રકમની જરૂર હોવા છતાં આરોપીઓએ પૈસા પરત કર્યા નથી. તપાસમાં એવું પણ બહાર આવ્યું છે કે જે મિલકતોના બાનાખત કરી આપવામાં આવ્યા હતા તેના પર અગાઉથી જ બેંક લોન લેવામાં આવી હતી. હાલ પોલીસે સુરેશ પાનસુરીયા, મનિષ, પ્રવીણ, કિશોર અને રવિ પાનસુરીયા સામે ગુનો નોંધી તપાસ તેજ કરી



**વડોદરામાં રોકાણ છેતરપિંડી મામલે સિદ્ધેશ્વર ન્યાલકરણ ગ્રુપના એમડી શૈલેષ ગોલવિયાએ સ્પષ્ટતા કરી છે કે તેમનું ગ્રુપ અને આરોપીઓનું એસ.પી. ગ્રુપ અલગ છે. તેમના લોગોનો દુરુપયોગ કરી નામ ખરાબ કરનારાઓને તેમણે નોટિસ ફટકારી હોવાનું નિવેદન આપ્યું**

# અમદાવાદમાં 'હું નાથુરામ ગોડસે' નાટક સામે NSUI-કોંગ્રેસના ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

## અમદાવાદમાં ગોડસેના નાટક સામે NSUI નો આક્રમક વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં આવતીકાલે 9 ફેબ્રુઆરીના રોજ યોજનાર 'હું નાથુરામ ગોડસે' નાટક પહેલા જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સિંધુભવન રોડ પર આવેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં આ નાટકનું આયોજન છે, જેના વિરોધમાં NSUI અને યુથ કોંગ્રેસ મેદાને પડ્યા છે. આજે 8 ફેબ્રુઆરીએ કાર્યકરોએ શહેરની અનેક દિવાલો પર 'ગોડસે મુર્દાબાદ' અને 'ગાંધીની ભૂમિ ઉપર ગોડસેનું નાટક નહીં ચલાવી લેવાય' જેવા લખાણો લખીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. NSUI ના નેતા ચિરાગ દરજીએ ચીમકી આપતા જણાવ્યું છે કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના હત્યારાને ઉચ્ચ બતાવવાનો પ્રયાસ ચલાવી લેવાશે નહીં. જો આયોજકો દ્વારા આ નાટક રદ કરવામાં નહીં આવે, તો આવતીકાલે નાટક દરમિયાન કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવશે. અગાઉ રાજકોટમાં આ નાટક દરમિયાન તોડફોડ થઈ હતી અને જામનગરમાં વિરોધને પગલે નાટક રદ કરાયું હતું, ત્યારે હવે અમદાવાદમાં પણ નાટક યોજાવા સામે સવાલો ઉભા થયા છે.



**અમદાવાદના સિંધુભવન રોડ પર આવતીકાલે યોજાનાર 'હું નાથુરામ ગોડસે' નાટક સામે NSUI અને યુથ કોંગ્રેસે મોરચો માંડ્યો છે. કાર્યકરોએ શહેરની દિવાલો પર 'ગોડસે મુર્દાબાદ' ના સૂત્રો લખી વિરોધ નોંધાવ્યો છે અને નાટક યોજાવા ન દેવાની ચીમકી ઉચ્ચારી છે.**

# મસાજ વીડિયોના નામે ડોક્ટર પાસે ખંડણી માંગતી ગેંગ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પાલડી વિસ્તારમાં ક્લિનિક ચલાવતા એક આધેડ ડોક્ટરને વીડિયો ક્લિપ દ્વારા બ્લેકમેલ કરી પૈસા પડાવવાની ઘટના સામે આવી છે. ડોક્ટરને તેમના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી વીડિયો મળ્યો હતો, જેમાં તેઓ પોતાના ક્લિનિકની કેબિનમાં બોડી મસાજ કરાવતા દેખાતા હતા. વીડિયો મોકલનારે દાવો કર્યો હતો કે તેમની પાસે આવું આખું ફોલ્ડર છે અને જો 35 હજાર નહીં ચૂકવાય તો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવામાં આવશે. ડોક્ટરે ગભરાઈને શરૂઆતમાં તેમનો નંબર બ્લોક કર્યો હતો, પરંતુ આરોપીઓએ અન્ય નંબર પરથી સ્કેનર મોકલીને પૈસા માંગવાનું ચાલુ રાખ્યું હતું. બદનામીથી બચવા ડોક્ટરે 5 હજાર રૂપિયા ઓનલાઇન ચૂકવ્યા હતા. જોકે, આરોપીઓની લાલચ વધતા તેમણે વધુ 40 હજારની માંગણી કરી અને ડોક્ટરની વિગતો સાથેનો વીડિયો ફેસબુક પેજ પર અપલોડ કરી દીધો હતો. આરોપીઓએ "સીધી આંગળીએ ઘી નહીં નીકળે તો ટેઢી કરવી પડશે" તેવી ધમકીઓ આપતા અંતે ડોક્ટરે હિંમત દાખવી ફરિયાદ નોંધાવી છે.

**અમદાવાદના પાલડીમાં ક્લિનિક ચલાવતા ડોક્ટરને તેમના જ કેબિનમાં બોડી મસાજ કરાવતા હોય તેવા ફૂટેજથી બ્લેકમેલ કરવામાં આવ્યા છે. અજાણ્યા શખસોએ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી 75 હજારની માંગણી કરી, જેમાંથી ડોક્ટરે ગભરાઈને 5 હજાર ચૂકવ્યા હતા.**

# અમદાવાદમાં ડિવાઈડર કટ ખોલાવવા સ્થાનિકોનો ચક્કાજામ: આપ નેતાઓ પણ જોડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી સર્કલ તરફ જવાના માર્ગ પર આજે ભારે તંગદિલી સર્જાઈ હતી. હોટલ હિલ્લોક નજીકનો ડિવાઈડર કટ તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવતા સ્થાનિક રહીશોમાં રોષ જોવા મળી રહ્યો છે. ન્યુ ત્રાગડ અને ચાંદખેડાના નાગરિકોને અવરજવર માટે 4 કિમી સુધી ફરીને જવું પડે છે, જેના ઉકેલ માટે આજે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન નાગરિકોએ સિગ્નેચર કેમ્પેઇન ચલાવ્યું હતું અને રસ્તો રોકીને ચક્કાજામ કર્યો હતો. આ વિરોધમાં આમ આદમી પાર્ટીના ચાંદખેડા, સાબરમતી અને ચાંદલોડિયા વોર્ડના પ્રમુખો પણ જોડાયા હતા. ચક્કાજામને કારણે રિંગ રોડ પર અડધો કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો, જેમાં અનેક વાહનચાલકો ફસાયા હતા. ઘટનાની જાણ થતા ચાંદખેડા પોલીસ અને ટ્રાફિક પીઆઈ કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસે રોડ ખુલ્લો કરાવવા સમજાવટ કરી હતી, પરંતુ સ્થાનિકો અને પોલીસ વચ્ચે તીખી રકઝક અને ઘર્ષણ થયું હતું. મહિલાઓએ ટ્રાફિક પીઆઈ સમક્ષ રજૂઆત કરી હતી કે ગરનાળા પાસે પોલીસની ગેરહાજરીમાં કલાકો સુધી ટ્રાફિક જામ રહે છે. જનતાની એક જ માંગ છે કે વહીવટી તંત્ર તાત્કાલિક ડિવાઈડર કટ ફરીથી શરૂ કરે જેથી રોજિંદી હાલાકીનો અંત આવે.



**અમદાવાદના એસપી રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસેનો ડિવાઈડર કટ બંધ કરી દેવાતા સ્થાનિકોએ ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. 3-4 કિમીનો ફેરો પડતા લોકોએ આજે સિગ્નેચર કેમ્પેઇન અને ચક્કાજામ કરી તાત્કાલિક કટ ખોલવાની માંગ સાથે હોબાળો મચાવ્યો હતો.**

# ૧૨૫ કિલો ચાંદી ચોરીનો ભેદ ઉકેલાયો, ૪૦ કિલો જથ્થો જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ શહેરમાં થયેલી મોટી ચોરીઓ પૈકીની એક એવી ૧૨૫ કિલો ચાંદીની ચોરીના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. ચાર દિવસ પહેલા ચંપકનગરમાં અતુલ પટેલ નામના વેપારીની ચાંદી જે તેમના મિત્રના ઘરે રખાઈ હતી, તે તસ્કરો ઉઠાવી ગયા હતા. આ હાઈપ્રોફાઈલ ચોરીની તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ પણ જોડાઈ હતી. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચે મહેસાણામાં ચેકિંગ ગોઠવીને પ્રદીપ અને કમલેશ નામના બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ચોરીની ૪૦ કિલો ચાંદી કબજે કરવામાં આવી છે.

આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ સમગ્ર ચોરીનું કાવતરું ખૂબ જ આયોજનબદ્ધ રીતે ઘડવામાં આવ્યું હતું. તસ્કરોને ખબર હતી કે બીપીનભાઈના ઘરમાં મોટી માત્રામાં ચાંદી રાખવામાં આવી છે. પકડાયેલા આરોપીઓ ચોરીનો માલ સગેવગે કરવાની ફિરાકમાં હતા ત્યારે જ પોલીસના હાથે ઝડપાઈ ગયા. જોકે, હજુ પણ ૮૫ કિલો જેટલી ચાંદી અન્ય આરોપીઓ પાસે હોવાની શક્યતા છે. ક્રાઈમ બ્રાંચની એક વિશેષ ટીમ મુખ્ય આરોપીને શોધવા માટે સુરત અને વડોદરામાં ધામા નાખ્યા છે. પોલીસ માની રહી છે કે આ ટોળકી દ્વારા અન્ય પણ અનેક સ્થળોએ ચોરીની ઘટનાઓને અંજામ આપવામાં આવ્યો હોઈ શકે છે. રાજકોટ પોલીસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સંયુક્ત રીતે આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા પ્રયત્નશીલ છે.





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# ડભોઈ: ધોલર ગામે ખેતરમાં ચાલતા જુગારધામ પર પોલીસનો દરોડો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા "ઓપરેશન પરાક્રમ" ને વધુ એક મોટી સફળતા મળી છે. ડભોઈ પોલીસે બાતમીના આધારે ધોલર ગામે ખેતરમાં ધમધમતા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોલીસને સચોટ માહિતી મળી હતી કે ધોલર ગામની નવીનગરી પાસેના દીવેલાના ખેતરમાં ગુપ્ત રીતે જુગાર રમાડવામાં આવી રહ્યો છે.

પોલીસ ટીમે સ્થળ પર પહોંચીને તપાસ કરતા ત્રણ વ્યક્તિઓ પત્તા દ્વારા હારજીતનો જુગાર રમતા મળી આવ્યા હતા. પકડાયેલા શખ્સોમાં એક ધોલરનો અને બે શખ્સો વાઘોડિયા તાલુકાના ફલોદ ગામના રહેવાસી છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ ₹૧૦,૬૬૦ અને પત્તાની કેટ જપ્ત કરી છે. આરોપીઓ વિરુદ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા છે. આ દરોડો વડોદરા ગ્રામ્ય એસ.પી. સુશીલ અગ્રવાલ અને આઈ.જી. સંદીપસિંહના માર્ગદર્શન હેઠળ પી.આઈ. જે.એમ. ચાવડા અને હેડ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ, અર્જુનભાઈ સહિતની ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો. પોલીસની આ કડક કાર્યવાહીથી સાબિત થાય છે કે જાહેર શાંતિ ભંગ કરનારા અને ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલા શખ્સોને છોડવામાં આવશે નહીં. આગામી સમયમાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં આવા દરોડા ચાલુ રાખવાની પોલીસે ખાતરી આપી છે.



# CISF વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન: અંકલેશ્વરથી પ્રસ્થાન

**દૈનિક પલ્સ સમાચાર:** CISF દ્વારા આયોજિત "વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન–2026" નો પ્રારંભ અંકલેશ્વર ONGC યુનિટ ખાતે ગૌરવભેર કરવામાં આવ્યો. આ રાષ્ટ્રીય ચળવળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" ના વિઝનને ચરિતાર્થ કરવા અને રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ના 150 વર્ષની ઉજવણી માટે આયોજિત છે. લખપતથી શરૂ થયેલી આ 25 દિવસની મેગા રેલી ભારતના 9 દરિયાકાંઠાના રાજ્યોમાંથી પસાર થઈને આશરે 6,553 કિલોમીટરનું અંતર કાપશે. અંકલેશ્વર ખાતેના કાર્યક્રમમાં ONGC ના એસેટ મેનેજર, સ્થાનિક મામલતદાર, ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ અને NCC-NSS ના વિદ્યાર્થીઓએ સાયકલ સવારોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ રેલીમાં 50 ટકા મહિલા સાયકલ સવારોની હાજરી આકર્ષણનું કેન્દ્ર બની છે, જે મહિલા સશક્તિકરણનું પ્રતિક છે.

રેલી દરમિયાન લુવારા ગામે સામુદાયિક સંવાદ, ડ્રગ વિરોધી જાગૃતિ અને ભરતી જાગૃતિ જેવા કાર્યક્રમો યોજાયા હતા. પર્યાવરણ સુરક્ષા માટે મિયાવાકી પદ્ધતિ દ્વારા 300 વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ સાયક્લોથોનનો મુખ્ય ઉદ્દેશ્ય તટિય વિસ્તારોમાં સુરક્ષા અને વિકાસની ભાવના મજબૂત કરવાનો છે. રાષ્ટ્રીય એકતાના સંદેશ સાથે આ રેલી 22 ફેબ્રુઆરી 2026 ના રોજ કોચી ખાતે પૂર્ણ થશે. સાયકલ સવારો ફિટનેસ અને શિસ્ત દ્વારા 'વિકસિત ભારત' ના લક્ષ્ય તરફ આગળ વધવા નાગરિકોને પ્રેરણા આપી રહ્યા છે.



# ચીખલી હાઈવે પરથી 50 લાખની બિનહિસાબી રોકડ ઝડપાઈ: IT તપાસ

**દૈનિક પલ્સ સમાચાર:** હાઈવે પર પોલીસની આંખમાં ધૂળ નાખીને કાળા નાણાંની હેરફેર કરતા તત્વોનો ચીખલી પોલીસે પર્દાફાશ કર્યો છે. નવસારી જિલ્લાના ચીખલી ઓવરબ્રિજ પર નેશનલ હાઇવે 48 પરથી પસાર થતા એક ટેમ્પામાંથી પોલીસે અંદાજે ₹50 લાખની બિનહિસાબી રોકડ ઝડપી પાડતા ખળભળાટ મચી ગયો છે. ગુનાખોરીના આ મોડસ ઓપરેન્ડીમાં ટેમ્પામાં વિવિધ પાર્સલોની પાછળ રોકડ છુપાવવામાં આવી હતી. પોલીસે જ્યારે ઝીણવટભરી તપાસ કરી ત્યારે ₹10, 20 અને 50ના દરના નોટોના ઢગલે-ઢગલા મળી આવ્યા હતા. સૌથી મોટો સવાલ એ ઉભો થયો છે કે ચલણમાંથી લાંબા સમયથી રદ થયેલી ₹2000ની 18 નોટો હજુ પણ કોની પાસે છે અને તે ક્યાં જઈ રહી હતી? આ મામલામાં પોલીસે ટેમ્પાના ડ્રાઈવર અને ક્લીનરને કસ્ટડીમાં લઈ આકરી પૂછપરછ શરૂ કરી છે. મુંબઈથી અમદાવાદના આ રૂટ પર હવાલા નેટવર્ક સક્રિય હોવાની આશંકા સેવાઈ રહી છે. રોકડ રકમ એટલી મોટી છે કે પોલીસે તાત્કાલિક ઇન્કમ ટેક્સ વિભાગનો સંપર્ક કરી સમગ્ર મામલો તેમને સુપરત કર્યો છે. કાળા નાણાંના આ કારોબારમાં કોઈ મોટા માથાઓની સંડોવણી હોવાની પૂરેપૂરી શક્યતા છે. પોલીસ હવે ટેમ્પાના માલિક અને પાર્સલ મોકલનાર-મેળવનારની કુંડળી પણ શોધી રહી છે.



**નવસારીના ચીખલી ઓવરબ્રિજ પર નેશનલ હાઈવે 48 પરથી પોલીસે શંકાસ્પદ ટેમ્પામાંથી અંદાજે ₹50 લાખની બિનહિસાબી રોકડ ઝડપી પાડી છે. પાર્સલની આડમાં લઈ જવાતી આ રકમ સાથે રદ થયેલી ₹2000ની નોટો પણ મળતા તંત્ર સતર્ક બન્યું છે.**

# વડોદરા: યાકુતપુરામાં સમૂહ નિકાહ યોજાયા, ACP ભોજાણી રહ્યા ઉપસ્થિત

## યાકુતપુરામાં મસ્તાન બાવા દરગાહ કમિટી દ્વારા ભવ્ય સમૂહ નિકાહ યોજાયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના યાકુતપુરા વિસ્તારમાં સામાજિક સમરસતા અને સેવાના સમન્વય સમાન સમૂહ નિકાહ સમારોહનું સફળ આયોજન સંપન્ન થયું. યા યાકુતપુરા મસ્તાન બાવા દરગાહ કમિટી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં અનેક જરૂરિયાતમંદ પરિવારોના સંતાનોના નિકાહ ધાર્મિક રીત-રિવાજ મુજબ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગની ગરિમા વધારવા માટે વડોદરા શહેરના એસીપી શ્રી ભોજાણી સાહેબ અને આદરણીય મુફ્તી ઈમરાન સાહેબ ખાસ હાજર રહ્યા હતા. એસીપી ભોજાણીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે આવા સમૂહ આયોજનોથી સમાજમાં એકતા વધે છે અને આર્થિક બોજ ઓછો થાય છે. મુફ્તી ઈમરાન સાહેબે દુઆ કરી નવદંપતીઓને આશીર્વચન પાઠવ્યા હતા. દરગાહ કમિટીના સભ્યોએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને નવદંપતીઓને જીવનજરૂરી ચીજવસ્તુઓની ભેટ પણ અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટરો, સામાજિક અગ્રણીઓ અને યાકુતપુરા પંથકના રહીશો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમૂહ નિકાહના કારણે અનેક પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કમિટી દ્વારા ભોજન અને બેઠક વ્યવસ્થાનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું. વડોદરાની ગંગા-જમની તહેઝીબના દર્શન આ કાર્યક્રમમાં થયા હતા, જ્યાં લોકોએ ભેદભાવ ભૂલીને નવા યુગલોના મંગલમય જીવન માટે પ્રાર્થના કરી હતી.




**વડોદરાના યાકુતપુરા સ્થિત મસ્તાન બાવા દરગાહ કમિટી દ્વારા સમૂહ નિકાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસીપી ભોજાણી સાહેબ અને મુફ્તી ઈમરાન સાહેબ સહિત અનેક મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.**

# જેસર પોલીસે ૧૧૨ કર્મચારી પર હુમલો કરનારને પકડ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** જેસર તાલુકાના ચિરોડા ગામે ૧૧૨ સેવાના કર્મચારી પર હુમલો થવાની ઘટનાએ પંથકમાં ખળભળાટ મચાવ્યો હતો. લોકોની સેવા માટે કાર્યરત ઇમરજન્સી સેવાના સ્ટાફ પર હુમલો થતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. જેસર પોલીસે આ મામલે ગંભીરતા દાખવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા અને હુમલાખોર આરોપીને દબોચી લીધો હતો.

આરોપીની અટકાયત કર્યા બાદ તમામ કાયદેસરની વિધિ પૂર્ણ કરી તેને જેસર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જેસર કોર્ટે કેસની ગંભીરતા સમજીને આરોપીને જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જિલ્લા જેલ હવાલે કરવાનો મહત્વનો હુકમ સંભળાવ્યો છે. આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ઉગ્ર ચર્ચા જાગી હતી કે સેવામાં રહેલા કર્મચારીઓ પણ જો સુરક્ષિત ન હોય તો સ્થિતિ ચિંતાજનક છે. જોકે, પોલીસે જે રીતે તાત્કાલિક પગલાં ભરીને આરોપીને પકડી પાડી ન્યાયિક પ્રક્રિયા હેઠળ જેલ હવાલે કર્યો છે, તેનાથી લોકોનો પોલીસ પરનો વિશ્વાસ વધ્યો છે. સરકારી કર્મચારીઓ પર હુમલો કરનારા તત્વો સામે આ એક ઉદાહરણરૂપ કાર્યવાહી સાબિત થઈ છે. હાલ આરોપીને જેલ ભેગો કરી દેવામાં આવ્યો છે અને પોલીસ આગળની તપાસ ચલાવી રહી છે.



# વડોદરા: અકોટા બ્રિજ પર કાર-બાઈક વચ્ચે અકસ્માત, એક ઈજાગ્રસ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના અકોટા બ્રિજ પર વધુ એક વાર ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડતા જોવા મળ્યા છે, જ્યાં એક બેફામ કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતે લોકોના જીવ તાળવે ચોંટાડી દીધા હતા. શહેરના પશ્ચિમ વિસ્તારને જોડતા આ બ્રિજ પર વાહનોની સતત અવરજવર હોય છે, છતાં સ્પીડ લિમિટના ભંગને કારણે આવી ઘટનાઓ બને છે.

આજના અકસ્માતમાં કાર અને બાઈક વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકનો કચરો નીકળી ગયો હતો અને ચાલક રોડ પર પટકાયો હતો. અકસ્માતને પગલે બ્રિજ પરથી પસાર થતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તાત્કાલિક બોલાવવામાં આવેલી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર હોવાનું જણાવાય છે. પોલીસ કાફલો પણ ઘટનાની જાણ થતાં જ સ્થળ પર પહોંચ્યો હતો અને અકસ્માતગ્રસ્ત વાહનોને બાજુ પર ખસેડી ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરી હતી. બ્રિજ પર સીસીટીવી કેમેરા હોવા છતાં વાહનચાલકોની લાપરવાહી નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકી રહી છે. પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને અકસ્માત પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.



# મરોલી-ઉભરાત માર્ગ પર કાર અકસ્માત, ચાલક સુરક્ષિત

**દૈનિક પલ્સ સમાચાર:** નવસારીના જલાલપોર તાલુકામાં આવેલા મરોલીથી ઉભરાત તરફ જતાં માર્ગ પર આજે સવારે એક કાર અકસ્માતની ઘટના સામે આવી છે. પર્યટન સ્થળ ઉભરાત બીચને જોડતા આ વ્યસ્ત માર્ગ પર પૂરઝડપે પસાર થઈ રહેલી એક કાર અચાનક બેકાબૂ બની હતી. ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર માર્ગની બાજુમાં ઉતરી ગઈ હતી અને ખાડામાં પલટી મારી ગઈ હતી. કાર અકસ્માતની જાણ થતાં જ માર્ગ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો ઉભા રહી ગયા હતા અને રાહત કામગીરીમાં જોડાયા હતા. લોકોએ તત્કાલ કારમાં સવાર લોકોને બહાર કાઢ્યા હતા. સદનસીબે આ અકસ્માતમાં કારમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. કારને નોંધપાત્ર નુકસાન થયું છે, પરંતુ કોઈ જાનહાનિ ન થતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે મરોલી-ઉભરાત માર્ગ પર વાહનોની ગતિ ઘણીવાર અકસ્માતનું કારણ બને છે. આજના અકસ્માતમાં પણ વધુ પડતી સ્પીડ જવાબદાર હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવે છે. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ ભેગા મળીને ક્રેન અથવા અન્ય માધ્યમથી કારને બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. આ ઘટના ફરી એકવાર માર્ગ સલામતી અને ગતિ મર્યાદાના પાલન પર ભાર મૂકે છે.






# વડોદરાના બિલ્ડર સુમિત પટેલની ધરપકડ: કરોડોના કૌભાંડની આશંકા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના પ્રોપર્ટી માર્કેટમાં વધુ એક બિલ્ડરનું કાળું કૌભાંડ બહાર આવતા ચકચાર મચી ગઈ છે. વડોદરા જિલ્લાના અણખોલ ગામમાં 'કેશવ બ્લિઝ' નામે રહેણાંક અને કોમર્શિયલ સ્કીમ ચલાવતા બિલ્ડર સુમિત પટેલે રોકાણકારો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીની તમામ સીમાઓ વટાવી દીધી છે.

નિખિલ પટેલના જણાવ્યા અનુસાર, આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે એક ફરિયાદીએ પોતાની ૨ દુકાનોના સોદા પેટે ૨૬ લાખ રૂપિયા બિલ્ડર સુમિત પટેલને ચૂકવ્યા હોવા છતાં તેને કબજો ન મળ્યો. તપાસ કરતા ચોંકાવનારો ખુલાસો થયો કે બિલ્ડર સુમિત પટેલે ફરિયાદીના નામના બાનાખત ઉપર તેમની જાણ બહાર ખોટી સહીઓ કરી દીધી હતી. એટલું જ નહીં, આ કૌભાંડી બિલ્ડરે બનાવટી સહીઓવાળા દસ્તાવેજોના આધારે આ દુકાનો ત્રીજી જ વ્યક્તિને વેચી મારી ફરિયાદીના ૨૬ લાખ રૂપિયા બારોબાર ઓળવી લીધા હતા.

આટલી મોટી રકમની છેતરપિંડી અને દસ્તાવેજી ગેરરીતિની ફરિયાદ કપરાઈ પોલીસ ચોકીમાં નોંધાતા પોલીસે તાત્કાલિક એક્શન લીધા હતા. પોલીસે આરોપી બિલ્ડર સુમિત પટેલની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. આજે તેને કોર્ટમાં રજૂ કરીને પોલીસે રિમાન્ડની તજવીજ હાથ ધરી હતી. પોલીસનું માનવું છે કે રિમાન્ડ દરમિયાન સુમિત પટેલ દ્વારા આચરવામાં આવેલા અન્ય મિલકત કૌભાંડોની વિગતો પણ બહાર આવી શકે છે.

આ ઘટનાએ વડોદરાના મધ્યમવર્ગીય પરિવારોમાં ચિંતા જગાવી છે, જેઓ પોતાની કાયદેસરની કમાણી બિલ્ડરોને આશા સાથે સોંપતા હોય છે. કપરાઈ પોલીસ હાલ એ તપાસમાં વ્યસ્ત છે કે 'કેશવ બ્લિઝ' સ્કીમમાં અન્ય કેટલા લોકો જોડે આ પ્રકારે છેતરપિંડી કરવામાં આવી છે. બિલ્ડર સુમિત પટેલના બેંક ખાતાઓ અને મિલકત દસ્તાવેજોની ચકાસણી પણ શરૂ કરવામાં આવી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી અન્ય કૌભાંડી બિલ્ડરોમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે.

**વડોદરાના અણખોલ વિસ્તારમાં 'કેશવ બ્લિઝ' સ્કીમ ધરાવતા બિલ્ડર સુમિત પટેલે ફરિયાદી પાસેથી ૨૬ લાખ પડાવ્યા બાદ, બાનાખત પર ખોટી સહીઓ કરી દુકાનો અન્યને વેચી મારી છેતરપિંડી આચરી છે. કપરાઈ પોલીસે બિલ્ડરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.**

# છાણીમાં 10 વર્ષ બાદ દીક્ષા મહોત્સવ: એન્જિનિયર લેશે દીક્ષા

**દૈનિક પલ્સ સમાચાર:** ભારતના જૈન સમાજમાં વડોદરાનું છાણી ગામ એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડે છે. આ ગામના ૨૦૦ જૈન પરિવારોમાંથી ૩૦૦ થી વધુ લોકોએ અત્યાર સુધી સંસાર ત્યાગી દીક્ષા લીધી છે, જેમાં ૧૮ જેટલા આચાર્યોનો પણ સમાવેશ થાય છે. છાણીની આ પવિત્ર ભૂમિ પર ૧૦ વર્ષના લાંબા વિરામ બાદ ફરી દીક્ષાનો મંગલ અવસર આવ્યો છે. આ વખતે ૨૪ વર્ષીય વિશ્વા શાહ સંયમ માર્ગે ડગ માંડશે.

વિશ્વા એક ઉચ્ચ શિક્ષિત યુવતી છે, જેણે ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. મોજશોખ, વિદેશ પ્રવાસ અને એડવેન્ચર સ્પોર્ટ્સની શોખીન હોવા છતાં, તેના મનમાં આધ્યાત્મિકતાનો ઉદય થયો હતો. જ્યારે પરિવારજનોએ લગ્નની વાત કરી, ત્યારે તેણે મક્કમતાથી શાશ્વત સુખ માટે દીક્ષા લેવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેના પિતા ધર્મેશ શાહ અને માતા શિલ્પબેને દીકરીના આ નિર્ણયને સહર્ષ વધાવી લીધો છે.

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)ની પાવન નિશ્રામાં આ ત્રિ-દિવસીય ઉત્સવ યોજાશે. કાર્યક્રમની રૂપરેખા મુજબ, ૯મી ફેબ્રુઆરીએ સવારે ભવ્ય વર્ષીદાનનો વરઘોડો નીકળશે. ૧૦મીએ વિવિધ અભિષેક અને અંતિમ વાયણાની વિધિઓ થશે, જ્યારે ૧૧મી ફેબ્રુઆરીએ સવારે મુમુક્ષુ વિશ્વા વિધિવત રીતે દીક્ષા ગ્રહણ કરી સાધ્વીજી બનશે.

છાણી સ્થિત ૧૩૧ વર્ષ જૂના શાંતિનાથ ભગવાનના જિનાલયનું અનેરું માહાત્મ્ય છે. એવું માનવામાં આવે છે કે અહીં માનતા રાખવાથી દીક્ષા માર્ગમાં આવતા વિઘ્નો દૂર થાય છે. આ જ કારણ છે કે માત્ર છાણીના જ નહીં, પરંતુ અન્ય શહેરોના દીક્ષાર્થીઓ પણ અહીં દીક્ષા લેવા આવતા હોય છે. વિશ્વાના આ નિર્ણયથી યુવા પેઢીમાં પણ ધર્મ પ્રત્યે નવી જાગૃતિ જોવા મળી રહી છે.




# વડોદરા: તાંદલજામાં 'સે નો ટુ મોબાઈલ' થીમ સાથે રમતોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં બાળકોને મેદાન તરફ વાળવા માટે જાસ્મીન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા "કિલ્લોલ રમતોત્સવ-૨૦૨૬" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવની સૌથી વિશેષ બાબત તેની થીમ હતી - "સે નો ટુ મોબાઇલ". ડિજિટલ સ્ક્રીન પાછળ કલાકો વિતાવતા બાળકોને શારીરિક પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવવા માટે આ કાર્યક્રમ યોજાયો હતો. તાંદલજામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૫૦ થી વધુ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. રમતના મેદાન પર બાળકોનો કિલ્લોલ અને ઉત્સાહ જોવા જેવો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે, મોબાઈલના અતિશય વપરાશથી બાળકોમાં એકાગ્રતાનો અભાવ અને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ વધે છે. તેના બદલે જો બાળકો રમતગમત સાથે જોડાય તો તેમનું નેતૃત્વ અને સાંઘિક ભાવના ખીલી ઉઠે છે. આ રમતોત્સવમાં વિજેતા થનાર બાળકોને પ્રોત્સાહક ઇનામો અને સર્ટિફિકેટ આપી નવાજવામાં આવ્યા હતા. વાલીઓએ પણ સ્વીકાર્યું હતું કે આવા કાર્યક્રમોથી બાળકોમાં નવી ઊર્જાનો સંચાર થાય છે અને તેઓ ડિજિટલ દુનિયામાંથી બહાર આવી વાસ્તવિક દુનિયાના મિત્રો સાથે રમતા શીખે છે. જાસ્મીન ચેરિટેબલ ટ્રસ્ટની આ પહેલને વડોદરાના રમતગમત પ્રેમીઓએ હૃદયપૂર્વક બિરદાવી હતી.



**વડોદરાના તાંદલજામાં જાસ્મીન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા "સે નો ટુ મોબાઇલ" થીમ પર 'કિલ્લોલ રમતોત્સવ–૨૦૨૬'નું આયોજન કરાયું હતું. આ મહોત્સવમાં ૧૫૦થી વધુ બાળકોએ ડિજિટલ ગેજેટ્સ છોડી મેદાનની વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શારીરિક તંદુરસ્તીનો સંદેશ આપ્યો હતો.**

# સાવલી: ₹143.74 લાખના ખર્ચે રાણીયા-પોઈચા રસ્તાનું ખાતમુહૂર્ત સંપન્ન

## રાણીયા-પોઈચા રસ્તાના નવીનીકરણનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** સાવલી તાલુકાના રાણીયા થી પોઈચા (રા) માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને ગ્રામજનો માટે રાહતના સમાચાર છે. આ રસ્તો અત્યંત ખરાબ હાલતમાં હોવાથી વાહન ચલાવવામાં મુશ્કેલી પડતી હતી, જેને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય કેતનભાઈ ઇનામદારની રજૂઆત બાદ સરકાર દ્વારા આ રસ્તાના વાઈડનીંગ અને રીસર્ફેસિંગ માટે રૂપિયા ૧૪૩.૭૪ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. આજે આ નવીન રસ્તાનું ખાતમુહૂર્ત ધારાસભ્ય કેતનભાઈ ઇનામદારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ગાયત્રીબેન મહિડા સહિત સંગઠનના હોદ્દેદારો અને સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવીન ડામર સપાટી સાથે તૈયાર થનાર આ રસ્તાથી પંથકમાં પરિવહન વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ મજબૂત બને તે સરકારની પ્રાથમિકતા છે. ખાતમુહૂર્તના આ અવસરે જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો, ગ્રામ પંચાયતના સભ્યો તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગ્રામજનોએ આ રસ્તાની મંજૂરી બદલ સરકાર અને ધારાસભ્યનો આભાર માન્યો હતો. આગામી દિવસોમાં આ કામગીરી પૂર્ણ થતા રસ્તાની કનેક્ટિવિટીમાં મોટો સુધારો જોવા મળશે.



**સાવલી તાલુકાના રાણીયા થી પોઈચા (રા) વચ્ચેના બિસ્માર રસ્તાના નવીનીકરણ માટે સરકારે ₹૧૪૩.૭૪ લાખ મંજૂર કર્યા છે. ધારાસભ્ય કેતનભાઈ ઇનામદાર અને જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે વાઈડનીંગ અને રીસર્ફેસિંગ કામગીરીનું આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રિપોર્ટ : સુરેન્દ્રસિંહ ડી ચૌહાણ**

# ભવનાથમાં જાહેરમાં નોન-વેજ રાંધવા મુદ્દે ભારે હોબાળો

**દૈનિક પલ્સ સમાચાર:** મહાશિવરાત્રીના મિની કુંભ મેળાને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં એક વિવાદિત ઘટના સામે આવી છે. ભવનાથ જવાના રસ્તા પર ગિરનાર દરવાજા પાસે રાજસ્થાનથી આવેલા શ્રમિકો દ્વારા જાહેરમાં નોન-વેજ રાંધવામાં આવતા સ્થાનિકો અને હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાની જાણ થતા જ બજરંગ દળના સંયોજક હિતેશ મેર અને તેમની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલો થાળે પાડવા પોલીસને બોલાવી હતી. બજરંગ દળના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે શ્રમિકો દ્વારા મંદિરની બિલકુલ સામે જ માછલી અને મટન પકાવાઈ રહ્યું હતું, જે હિન્દુ ધર્મની લાગણીને ઠેસ પહોંચાડનારી બાબત છે. આ શ્રમિકો રાજસ્થાનથી ફુગ્ગા વેચવાના વ્યવસાય માટે અહીં આવ્યા છે. કાર્યકરોએ પોલીસને રજૂઆત કરતા જણાવ્યું હતું કે મેળા દરમિયાન લાખો ભક્તો અહીં ઉમટી પડતા હોય છે, ત્યારે પવિત્રતા જળવાઈ રહેવી અત્યંત જરૂરી છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સ્થિતિની સમીક્ષા કરી હતી અને શ્રમિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. બજરંગ દળના અગ્રણીઓએ ચીમકી આપી છે કે ધાર્મિક મર્યાદાનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે તેઓ આક્રમક વલણ અપનાવશે. હાલમાં ભવનાથ વિસ્તારમાં સુરક્ષા અને પવિત્રતા જાળવવા માટે પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ પણ ઉઠી છે.



# મોરબી: સક્ષમ અધિકારીની વ્યાખ્યાના અભાવે સિલીકોસીસ પીડિતો હેરાન

**દૈનિક પલ્સ સમાચાર:** મોરબી જિલ્લામાં સિલીકોસીસ જેવી જીવલેણ વ્યવસાયજન્ય બીમારીના પીડિતો વહીવટી ગૂંચવણોના શિકાર બન્યા છે. રાજ્ય સરકારની આર્થિક સહાય યોજના હોવા છતાં, મદદનીશ શ્રમ આયુક્ત કચેરીમાં "સક્ષમ અધિકારી" અંગેની સ્પષ્ટ અને લેખિત વ્યાખ્યાના અભાવે ગરીબ મજૂરો હેરાનગતિનો સામનો કરી રહ્યા છે. તંત્રની આ શિથિલતા અને બેદરકારી પીડિતો માટે સહાયના બદલે આર્થિક અને શારીરિક સજા બની ગઈ છે. ગામડાના પીડિતો જ્યારે તલાટી પાસે પ્રમાણપત્ર માટે જાય છે, ત્યારે તલાટીઓ સત્તાવાર પરિપત્રની માંગણી કરીને દાખલો આપવાનો સ્પષ્ટ ઇનકાર કરે છે. શહેરી વિસ્તારોમાં સ્થિતિ વધુ ખરાબ છે, જ્યાં વિવિધ સરકારી વિભાગો જવાબદારી સ્વીકારવાને બદલે એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. ગંભીર રીતે બીમાર અને શારીરિક રીતે અશક્ત આ પીડિતો માટે એક કચેરીથી બીજી કચેરીના ધક્કા ખાવા તે માનવતા વિરોધી કૃત્ય સમાન છે. આ ગંભીર પરિસ્થિતિ અંગે મદદનીશ શ્રમ આયુક્ત કચેરી મોરબી, મોરબી નગરપાલિકા અને મામલતદાર કચેરીમાં વારંવાર લેખિત અરજીઓ આપવામાં આવી છે. તેમ છતાં, દિવસો વીતવા છતાં કોઈ પણ કચેરી તરફથી સત્તાવાર કે લેખિત જવાબ મળ્યો નથી. તંત્રની આ નિષ્ક્રિયતા અને અસંવેદનશીલતા પીડિતોની હાલત વધુ કફોડી બનાવી રહી છે. કયો અધિકારી સક્ષમ છે અને કયા પ્રકારનો દાખલો માન્ય રાખવો તેની સ્પષ્ટતા કરવાને બદલે તંત્ર મૌન સેવીને બેઠું છે.
જો આ વહીવટી ગૂંચવણને કારણે કોઈ સિલીકોસીસ પીડિત સહાયથી વંચિત રહી જાય અથવા સારવારના અભાવે જીવ ગુમાવે, તો તેની જવાબદારી કોની રહેશે? આ પ્રશ્ન આજે મોરબીના પ્રબુદ્ધ નાગરિકો અને પીડિત પરિવારો પૂછી રહ્યા છે. તંત્રની આ અંધેર નગરી સામે હવે તાકીદે પગલાં લેવાવા જોઈએ અને "સક્ષમ અધિકારી"ની વ્યાખ્યા સ્પષ્ટ કરી પીડિતોને ન્યાય અપાવવો જોઈએ.

**મોરબી જિલ્લામાં "સક્ષમ અધિકારી"ની સ્પષ્ટ વ્યાખ્યા ન હોવાથી સિલીકોસીસ પીડિતો સરકારી સહાયથી વંચિત રહી ગયા છે. વહીવટી તંત્રની આ બેદરકારી અને મૌન સામે પીડિતોમાં ભારે રોષ છે, કારણ કે તેમને એક કચેરીથી બીજી કચેરી સુધી ધક્કા ખાવા પડી રહ્યા છે. રિપોર્ટ બોચિયા નરોત્તમભાઇ**




# ઓથવાડમાં સમાજ સુધારણા માટે બંધારણ મીટિંગ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ઓથવાડ મુકામે સામાજિક પરિવર્તનની લહેર જોવા મળી હતી. સમાજના સર્વાંગી વિકાસ અને એકતા માટે અહીં એક વિશેષ 'સમાજ બંધારણ મીટિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સમાજમાં લાંબા સમયથી ચાલી આવતા અને પ્રગતિમાં અવરોધક બનતા મુદ્દાઓ પર ગંભીર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.
આગેવાનોએ સમાજને એકસૂત્રે બાંધવા માટે શિક્ષણના વ્યાપને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી. સાથે જ, યુવા પેઢીને બરબાદ કરતા વ્યસનોમાંથી મુક્તિ અપાવવા અને અંધશ્રદ્ધા તેમજ રૂઢિચુસ્ત કુરિવાજોને તિલાંજલિ આપવાનો સંકલ્પ લેવાયો હતો. મીટિંગમાં સૌથી મહત્વનો મુદ્દો સામાજિક પ્રસંગોમાં થતા અતિશય ખર્ચનો હતો. શુભ કે અશુભ પ્રસંગોએ થતા ખોટા ખર્ચાઓ નાબૂદ કરવા અંગે સહમતી સધાઈ હતી, જેથી ગરીબ પરિવારો આર્થિક ભારણમાંથી બચી શકે.
"જાગ્યો રે જાગ્યો રે મારો સમાજ જાગ્યો રે" ના નાદ સાથે ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. 'એક સમાજ – શ્રેષ્ઠ સમાજ' બનાવવાના ધ્યેય સાથે સમાજના દરેક સભ્યએ આ નવા બંધારણને સ્વીકારવાની તૈયારી દર્શાવી હતી. આગેવાનોના મતે જો સમાજ આજે જાગૃત થશે, તો જ આવનારી પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બનશે.
**રિપોર્ટ : દિપક પરમાર**



**મહીસાગરના બાલાસિનોર સ્થિત ઓથવાડ મુકામે સમાજના સર્વાંગી વિકાસ માટે 'સમાજ બંધારણ મીટિંગ' યોજાઈ હતી. જેમાં શિક્ષણ, વ્યસનમુક્તિ અને ખોટા ખર્ચાઓ નાબૂદ કરી 'એક સમાજ – એક રિવાજ'ના સૂત્ર સાથે સમાજને સંગઠિત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.**

# અમદાવાદમાં નિર્ભયા નારી સન્માન સમારોહ: 121 મહિલાઓનું સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ ખાતે માહી ઉડાન ફાઉન્ડેશન અને માહી બા દ્વારા પ્રેરિત 'નિર્ભયા નારી સન્માન સમારોહ' અત્યંત ઉત્સાહપૂર્વક યોજાઈ ગયો. ૭ ફેબ્રુઆરી ૨૦૨૬, શનિવારના પાવન દિવસે સવારે ૧૦:૦૦ કલાકે આયોજિત આ સમારોહનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજ સેવા અને વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર રહેલી મહિલાઓના શક્તિશાળી વ્યક્તિત્વને બિરદાવવાનો હતો. આ ભવ્ય સમારંભમાં કુલ ૧૨૧ જેટલી નારીઓને તેમની વિશિષ્ટ સેવાઓ અને સિદ્ધિઓ બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.
કાર્યક્રમ દરમિયાન સંસ્થા દ્વારા તમામ ૧૨૧ મહિલાઓને ટ્રોફી, મેડલ, સર્ટિફિકેટ અને ખાસ ભેટ-સોગાદો આપી સન્માનિત કરવામાં આવી હતી. આ સન્માનની યાદીમાં પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રીમતી નયનાબેન ઠક્કર 'પ્યાસી'નું નામ પણ ગૌરવપૂર્વક લેવામાં આવ્યું હતું. તેઓને સાહિત્ય ક્ષેત્રે તેમના અમૂલ્ય પ્રદાન બદલ સન્માનિત કરાતા, ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. શૈલેષ વાણીયા 'શૈલ' દ્વારા તેઓને ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને તેમના સાહિત્યિક યોગદાનને બિરદાવ્યું હતું.
માહી ઉડાન ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ નિર્ભયા નારી સન્માન એવોર્ડ વિતરણ સમારોહમાં મહિલાઓએ મેળવેલી સફળતાઓની ગાથા રજૂ કરવામાં આવી હતી. માહી બાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે નારી શક્તિ જ સમાજ અને રાષ્ટ્રના નિર્માણનો પાયો છે. આવા સન્માન કાર્યક્રમોથી અન્ય મહિલાઓને પણ આગળ આવવાની અને પોતાની પ્રતિભા બતાવવાની પ્રેરણા મળે છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો અને મહિલાઓએ 'ભારત માતા કી જય'ના નારા લગાવી વાતાવરણને દેશભક્તિથી ભરી દીધું હતું. આ સફળ આયોજન બદલ માહી ઉડાન ફાઉન્ડેશનની સમગ્ર ટીમને પણ અભિનંદન આપવામાં આવ્યા હતા.



**માહી ઉડાન ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં નિર્ભયા નારી સન્માન સમારોહ યોજાયો. સાહિત્યકાર નયનાબેન ઠક્કર સહિત 121 નારીઓ સન્માનિત. રિપોર્ટ : બોચિયા નરોત્તમભાઇ**

# જૂનાગઢ મિની કુંભ મેળાની તૈયારીઓનું મંત્રીઓએ કર્યું નિરીક્ષણ

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના ભવનાથ તળેટીમાં આગામી તારીખ ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન પરંપરાગત શિવરાત્રીનો મિની કુંભ મેળો યોજાનાર છે. મેળાના આયોજનમાં કોઈ કમી ન રહે તે માટે વહીવટી તંત્ર રાત-દિવસ મહેનત કરી રહ્યું છે. આ તૈયારીઓની સમીક્ષા કરવા માટે શનિવારે જૂનાગઢના પ્રભારી મંત્રી કૌશિક વેકરિયા અને ડો. પ્રદ્યુમન વાઝાએ ભવનાથ વિસ્તારની મુલાકાત લીધી હતી.
મંત્રીઓએ અધિકારીઓ સાથે પગપાળા ચાલીને મેળાના રૂટનું નિરીક્ષણ કર્યું અને પાર્કિંગ, પાણી તેમજ લાઈટિંગ જેવી પાયાની સુવિધાઓની ચકાસણી કરી હતી. આ નિરીક્ષણ દરમિયાન જૂનાગઢના કલેક્ટર અનિલકુમાર રાણાવશિયા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, મેયર ધર્મેશ પોશિયા, ડેપ્યુટી મેયર આકાશ કટારા અને શહેર ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલિયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. શ્રદ્ધાળુઓને કોઈ હાલાકી ન પડે તે માટે તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.
**રીપોર્ટ રવીન્દ્ર કસારા**



# દારૂ-જુગારના અડ્ડા બંધ કરાવવા જેડીયુ નેતા કય્યુમ મેમણ હર્ષ સંઘવીને મળશે

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂ અને જુગારની બદીને જડમૂળથી ખતમ કરવા માટે જનતા દલ (યુનાઇટેડ) ના ગુજરાત એકમના મહાસચિવ કય્યુમ મેમણે એક વિશેષ ઝુંબેશ આદરી છે. આ ઝુંબેશના ભાગરૂપે તેઓ આગામી દિવસોમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની રૂબરૂ મુલાકાત લેશે અને નર્મદા જિલ્લા સહિત રાજ્યભરમાં ચાલતા દારૂ-જુગારના અડ્ડાઓ પર કાયમી પ્રતિબંધ મૂકવા રજૂઆત કરશે. જેડીયુ નેતા કય્યુમ મેમણે ટેલિફોનિક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, ભારત આજે વિશ્વગુરુ બનવાની દિશામાં અગ્રેસર છે અને વૈશ્વિક સ્તરે દેશનો ડંકો વાગી રહ્યો છે. જોકે, ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યમાં દારૂ અને જુગારનો વેપલો હજુ પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. આ દૂષણોના કારણે સૌથી વધુ નુકસાન ગરીબ અને આદિવાસી પરિવારોને થઈ રહ્યું છે. આ પરિવારોના મોભીઓ દારૂ અને જુગારના શિકાર બની રહ્યા છે, જેના કારણે લાખો પરિવારો જીવન નિર્વાહ માટે ફાંફા મારી રહ્યા છે અને સામાજિક અરાજકતા ફેલાઈ રહી છે. નોંધનીય છે કે, કય્યુમ મેમણ લાંબા સમયથી આ મુદ્દે સક્રિય છે. અગાઉ પણ તેમણે ગૃહ મંત્રીને લેખિત પત્ર પાઠવીને પોલીસ તંત્ર દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવે તેવી માંગ કરી હતી. હવે તેઓ રૂબરૂ મુલાકાત લઈને સરકાર સમક્ષ આ અડ્ડાઓ કાયમી ધોરણે બંધ કરાવવા માટે દબાણ લાવશે. નર્મદા જિલ્લામાં આદિવાસી વસ્તી મોટી સંખ્યામાં હોવાથી અહીં આ સમસ્યા વધુ ગંભીર છે, તેથી કય્યુમ મેમણની આ રજૂઆત રાજકીય અને સામાજિક સ્તરે મહત્વની માનવામાં આવી રહી છે. તેમની આ ઝુંબેશને કારણે હવે રાજ્ય સરકાર દારૂ અને જુગારના વેપારીઓ સામે કેવા કડક પગલાં ભરે છે તેના પર સૌની નજર રહેશે.



**નર્મદામાં જેડીયુના મહાસચિવ કય્યુમ મેમણ દારૂ અને જુગારના મુદ્દે ગુજરાતના મંત્રી હર્ષ સંઘવીની મુલાકાત લેશે. અગાઉ લેખિત રજૂઆત બાદ હવે તેઓ રૂબરૂ મળીને આદિવાસી અને ગરીબ પરિવારોને બરબાદ કરતા આ દૂષણો બંધ કરાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરશે. રિપોર્ટ : વસીમ મેમન**

# રાજકોટમાં બોર્ડ પરીક્ષાની તૈયારીઓ તેજ: 79 હજારથી વધુ છાત્રો નોંધાયા

## રાજકોટ: ધો. 10-12ની બોર્ડ પરીક્ષા માટે એક્શન પ્લાન તૈયાર

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૬ ફેબ્રુઆરીથી લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓના પડઘમ વાગી રહ્યા છે. રાજકોટ જિલ્લામાં પરીક્ષાના સુચારૂ અને શાંતિપૂર્ણ સંચાલન માટે જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગ દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલના જણાવ્યા મુજબ, પરીક્ષા લક્ષી તમામ આયોજન પૂર્ણતાના આરે છે. આગામી ૧૨ ફેબ્રુઆરી, ગુરુવારના રોજ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પરીક્ષા સમિતિની ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં પરીક્ષાનો આખરી એક્શન પ્લાન જાહેર કરાશે, જેમાં સુરક્ષા વ્યવસ્થા, પ્રશ્નપત્રોની હેરફેર અને કેન્દ્રો પર પૂરતી સુવિધાઓ અંગે ચર્ચા થશે. આ બેઠક પૂર્વે શિક્ષણ મંત્રી વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજકોટ જિલ્લાની તૈયારીઓનો રિપોર્ટ લેશે અને અધિકારીઓને માર્ગદર્શન આપશે.

રાજકોટ જિલ્લામાં આ વર્ષે પરીક્ષાર્થીઓની સંખ્યા નોંધપાત્ર છે. ધોરણ ૧૦ માં ૪૮,૫૦૦ વિદ્યાર્થીઓ ૧૮૦ બિલ્ડીંગોના ૧,૫૮૩ બ્લોકમાં પરીક્ષા આપશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૩,૨૦૦ વિદ્યાર્થીઓ ૯૧ બિલ્ડીંગોમાં અને વિજ્ઞાન પ્રવાહમાં ૭,૬૯૦ વિદ્યાર્થીઓ ૩૭ બિલ્ડીંગોમાં બેસશે. જિલ્લામાં રાજકોટ શહેર, ધોરાજી અને જસદણ એમ મળીને કુલ ૫ ઝોન નક્કી કરવામાં આવ્યા છે.

સૌથી મહત્વની બાબત એ છે કે પરીક્ષાના તમામ બિલ્ડીંગોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે શિક્ષણ બોર્ડની કેન્દ્રીય સ્કવોર્ડ અને સ્થાનિક સ્કવોર્ડ દ્વારા રાઉન્ડ ધ ક્લોક નિરીક્ષણ કરવામાં આવશે. આ ઉપરાંત ૧૦ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવ દ્વારા રાજ્યભરના શિક્ષણાધિકારીઓની બેઠક યોજાશે, જેમાં પરીક્ષાની અંતિમ તૈયારીઓને મંજૂરી અપાશે. જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપવા અને ઉજ્જવળ પરિણામ લાવવા માટેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.



**રાજકોટ જિલ્લામાં ૨૬ ફેબ્રુઆરીથી યોજાનારી બોર્ડ પરીક્ષાઓને લઈને શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષિત પટેલના માર્ગદર્શન હેઠળ તમામ પરીક્ષા કેન્દ્રોને CCTVથી સજ્જ કરવામાં આવ્યા છે. આગામી ૧૨ ફેબ્રુઆરીએ કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષસ્થાને મળનારી બેઠકમાં પરીક્ષાનો એક્શન પ્લાન રજૂ કરાશે. આ પૂર્વે શિક્ષણ મંત્રી વીડિયો કોન્ફરન્સ દ્વારા તૈયારીઓની સમીક્ષા કરશે. રાજકોટમાં ધોરણ ૧૦ ના ૪૮,૫૦૦, સામાન્ય પ્રવાહના ૨૩,૨૦૦ અને વિજ્ઞાન પ્રવાહના ૭,૬૯૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષાના સુચારૂ સંચાલન માટે રાજકોટ, ધોરાજી અને જસદણમાં અલગ-અલગ ઝોન ફાળવાયા છે. રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

# રાજકોટ-જેતપુર હાઈવે: આગામી 2 માસમાં વધુ 8 ઓવરબ્રિજ ખુલ્લા મુકાશે

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવે પ્રોજેક્ટને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. વાહનચાલકોની હાડમારીને જોતા હવે આગામી બે માસમાં વધુ આઠ ઓવરબ્રિજ કાર્યરત કરી દેવામાં આવશે. આ આઠેય બ્રિજની 90 ટકાથી વધુ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે આ હાઈવે પર કુલ 31 ઓવરબ્રિજ બનાવવાનું આયોજન છે, જેમાંથી 12 બ્રિજ અગાઉ જ જનતા માટે ખુલ્લા મૂકી દેવાયા હતા. પ્રોજેક્ટની હાલની સ્થિતિની વાત કરીએ તો અંદાજે 65થી 70 ટકા કામગીરી પૂરી થઈ છે અને જાન્યુઆરી 2027 સુધીમાં આખો પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ડેડલાઈન આપવામાં આવી છે. સતત ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર કામગીરીની ધીમી ગતિને કારણે અગાઉ આંદોલનો અને ભ્રષ્ટાચારની બૂમરાળ પણ ઉઠી હતી, જે બાદ રાજ્ય સરકારની દરમિયાનગીરીથી કામગીરી વેગવંતી બની છે. આગામી 11 ફેબ્રુઆરીથી જૂનાગઢમાં મહાશિવરાત્રીનો મેળો શરૂ થઈ રહ્યો છે. આ મેળામાં દેશ-વિદેશના લાખો શ્રદ્ધાળુઓ પસાર થવાના હોવાથી હાઈવે ઓથોરીટી અને વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે. જ્યાં ઓવરબ્રિજના કામો ચાલુ છે ત્યાં ટ્રાફિક જામ ન સર્જાય તે માટે ખાસ માર્શલ અને પોલીસ બંદોબસ્ત ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા રાજકોટ અને સોમનાથ-જૂનાગઢ વચ્ચેનું અંતર વધુ સરળ અને ઝડપી બનશે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈવે પ્રોજેક્ટની કામગીરી વેગવંતી બની છે. આગામી બે માસમાં વધુ 8 ઓવરબ્રિજ વાહનચાલકો માટે ખુલ્લા મૂકવામાં આવશે. સમગ્ર પ્રોજેક્ટ જાન્યુઆરી 2027 સુધીમાં પૂર્ણ કરવાની ડેડલાઈન અપાઈ છે, હાલ 70% જેટલી કામગીરી પૂર્ણ થઈ હોવાનું જાણવા મળે છે.**




**દૈનિક પલ્સ સમાચાર:** આજના આધુનિક યુગમાં, ખાસ કરીને વડોદરા જેવા શહેરી વિસ્તારોમાં નોકરિયાત વર્ગ અને વ્યવસાયિકોમાં બેઠાડું જીવનશૈલીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધ્યું છે. સવારથી સાંજ સુધી ઓફિસમાં બેસી રહેવું, અનિયમિત ખાનપાન અને શારીરિક શ્રમનો અભાવ - આ તમામ બાબતો 'મેદસ્વિતા' અને અન્ય ગંભીર બીમારીઓને નોતરે છે. ‘સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત’ બનાવવા માટે વ્યસ્ત લોકો માટે કેટલાક સોનેરી સૂત્રો રજૂ કરવામાં આવ્યા છે.

**૧. આહારમાં સંતુલન:** સ્વાસ્થ્યનો સીધો સંબંધ રસોડા સાથે છે. ઓફિસમાં બને ત્યાં સુધી ઘરે બનાવેલું સાત્વિક ભોજન લેવાનો આગ્રહ રાખવો. દિવસ દરમિયાન ભરપૂર પાણી પીવો, કારણ કે ઘણીવાર તરસને આપણે ભૂખ સમજી બેસીએ છીએ. ચા-કોફીમાં ખાંડનું પ્રમાણ ઘટાડવું અને પેકેજ્ડ ફૂડથી દૂર રહેવું.

**૨. ઓફિસમાં 'સ્માર્ટ મુવમેન્ટ':** ઓફિસમાં પણ કેલરી બર્ન કરી શકાય છે. લિફ્ટના બદલે સીડીનો ઉપયોગ કરવો એ શ્રેષ્ઠ કસરત છે. મોબાઈલ પર વાત કરતી વખતે ખુરશી પર બેસી રહેવાને બદલે ચાલવાની ટેવ પાડવી. સતત બેસી રહેવાને બદલે દર એક કલાકે પાંચ મિનિટનો બ્રેક લઈ સ્ટ્રેચિંગ કરવું.

**૩. મુસાફરીમાં બદલાવ:** જો ઓફિસ નજીક હોય તો સાયકલનો ઉપયોગ કરવો અથવા ચાલીને જવું. જો બસ કે રિક્ષામાં મુસાફરી કરતા હોવ, તો ઓફિસથી એકાદ સ્ટોપ દૂર ઉતરીને ચાલતા જવું, જે હૃદય અને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

**૪. ઘરગથ્થુ કસરતો:** જીમ વગર પણ ઘરે ૧૫-૨૦ મિનિટમાં સૂર્ય નમસ્કાર કરી શકાય છે, જે એક સર્વાંગી કસરત છે. દોરડા કૂદવા એ પણ હૃદય માટે ઉત્તમ કાર્ડિયો કસરત છે. નજીકના બગીચામાં રાત્રે જમ્યા પછી ૩૦ મિનિટ ચાલવું એ જીમ જેટલું જ અસરકારક છે.

**૫. પૂરતી ઊંઘ અને તણાવ મુક્તિ:** વજન વધવાનું મુખ્ય કારણ અપૂરતી ઊંઘ અને તણાવ છે. રાત્રે મોબાઈલનો ઉપયોગ ટાળી ૭-૮ કલાકની ગાઢ ઊંઘ લેવી અને માનસિક શાંતિ માટે ૫ મિનિટ ધ્યાન કરવું અનિવાર્ય છે.


નોકરિયાત વર્ગ જો પોતાની દિનચર્યામાં આ નાના-નાના ફેરફારો કરશે, તો ચોક્કસપણે મેદસ્વિતાને હરાવી શકશે. આ માટે કોઈ મોટા ખર્ચની નહીં, પણ માત્ર મક્કમ મનોબળની જરૂર છે. "પહેલું સુખ તે જાતે નર્યા" સૂત્રને સાર્થક કરી સ્વસ્થ ગુજરાતના નિર્માણમાં સહભાગી બનીએ.




# ગુજરાતમાં ગરમી વધશે: અશોકભાઈ પટેલની આગામી સપ્તાહની આગાહી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં શિયાળો હવે અંતિમ તબક્કામાં હોય તેમ તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. વેધર એનાલિસ્ટ અશોકભાઈ પટેલના જણાવ્યા અનુસાર, સમગ્ર રાજ્યમાં હાલ લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતા ૩ થી ૬ ડિગ્રી જેટલું ઉંચુ નોંધાઈ રહ્યું છે. ફેબ્રુઆરીના પ્રારંભમાં જે ઠંડીનો અનુભવ થવો જોઈએ તેના બદલે અત્યારે જ ગરમીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. અમદાવાદમાં ૧૯ ડિગ્રી અને રાજકોટ-વડોદરામાં ૧૭ ડિગ્રી આસપાસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે, જે દર્શાવે છે કે ઠંડીની અસર હવે ઓછી થઈ રહી છે.

૮ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાનની આગાહી મુજબ, રાજ્યમાં ઠંડીનો પ્રભાવ નહિવત રહેશે. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે, છતાં તે સામાન્ય કરતા ઉંચુ હોવાથી ઠંડી લાગશે નહીં. પવન મુખ્યત્વે ઉત્તર-પૂર્વ દિશામાંથી ફૂંકાશે અને દિવસો વધવાની સાથે પવનની ઝડપમાં પણ વધારો થશે. ૯ અને ૧૦ ફેબ્રુઆરીએ કચ્છ તેમજ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ઝાકળ પડવાની સંભાવના છે. સપ્તાહના અંતિમ દિવસોમાં આકાશમાં આછા વાદળો જોવા મળશે, પરંતુ વરસાદની કોઈ શક્યતા નથી. એકંદરે ફેબ્રુઆરી મહિનો અસામાન્ય રીતે ગરમ રહેવાની પૂરી સંભાવના છે, જે કૃષિ પાકો અને જનજીવન પર તેની અસર છોડી શકે છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**વેધર એનાલિસ્ટ અશોકભાઈ પટેલના જણાવ્યા મુજબ, ગુજરાતમાં ઠંડીની નહિવત અસર રહેશે અને ગરમીનું પ્રમાણ વધશે. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન તાપમાનમાં થોડો ઘટાડો થશે, પરંતુ એકંદરે ફેબ્રુઆરી મહિનો સામાન્ય કરતા વધુ ગરમ રહેવાની શક્યતા છે.**

# જૂનાગઢ શિવરાત્રી મેળો: મિની કુંભમાં સુરક્ષા અને આસ્થાનો સંગમ

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના ભવનાથમાં યોજાતો પરંપરાગત શિવરાત્રી મેળો 'મિની મહાકુંભ'નો દરજ્જો પ્રાપ્ત કર્યા બાદ હવે વધુ સુરક્ષિત અને સુવિધાજનક બન્યો છે. આ વર્ષે ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારા આ મેળામાં શ્રદ્ધાળુઓનો મોટો ધસારો જોવા મળશે. સરકાર દ્વારા મેળાના સમગ્ર રૂટ અને અખાડાઓ પાસે સીસીટીવી કેમેરા તેમજ ખાનગી કેમેરાનું જાળ બિછાવવામાં આવ્યું છે. આ આધુનિક વ્યવસ્થાને કારણે છેતરપિંડી અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર લગામ લાગી છે. ખાસ કરીને અગાઉના વર્ષોમાં એવા અહેવાલો મળતા હતા કે બનાવટી નાગા બાવાના વેશમાં કેટલાક પરપ્રાંતીય શખ્સો શ્રદ્ધાળુઓને નિશાન બનાવતા હતા. આ શખ્સો યુવાવર્ગને ચલમ કે અન્ય નશીલા પદાર્થો પીવા માટે દબાણ કરતા અને ભક્તો બેભાન થાય ત્યારે તેમના દાગીના અને રોકડ ચોરી લેતા હતા. ટેકનોલોજીના ઉપયોગથી આવા તત્વોને પકડવા હવે સરળ બન્યા છે.

વિજ્ઞાન જાથાએ પણ શ્રદ્ધાળુઓને જાગૃત રહેવા અપીલ કરી છે. સંસ્થાએ જણાવ્યું છે કે તેઓ ધાર્મિક આસ્થાના વિરોધમાં નથી, પરંતુ ધર્મના નામે લૂંટ ચલાવતા તત્વો સામે લાલ આંખ કરવી જરૂરી છે. સાચા સાધુ-સંતો પ્રત્યે પૂરો આદર ધરાવતા આ મેળામાં કોઈ પણ ભક્ત છેતરાય નહીં તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. આસ્થા, ભક્તિ અને સુરક્ષાના સંગમ સાથે આ મિની મહાકુંભ ભક્તો માટે યાદગાર બની રહેશે.



**જૂનાગઢના ભવનાથ ખાતે ૧૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન મિની મહાકુંભ સમાન શિવરાત્રી મેળો યોજાશે. સરકારે સીસીટીવી અને આધુનિક ટેકનોલોજી દ્વારા ચુસ્ત સુરક્ષા ગોઠવી છે, જેથી શ્રદ્ધાળુઓ છેતરપિંડી કે ગુનાહિત પ્રવૃત્તિઓનો ભોગ બન્યા વગર સુરક્ષિત રીતે દર્શન-પૂજન કરી શકે. રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

# કુક્સવાડા ગામે પ્રગતિશીલ ખેડૂતની પ્રાકૃતિક ખેતીની પૂર્વ મંત્રીએ મુલાકાત લીધી

## પ્રાકૃતિક ખેતી જ સ્વાસ્થ્યનો વિકલ્પ: પૂર્વ મંત્રી દેવાભાઈ માલમ

**દૈનિક પલ્સ સમાચાર:** "સારા સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે" તેવા સૂત્ર સાથે પોરબંદર જિલ્લાના ચોરવાડ તાલુકાના કુક્સવાડા ગામે એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. કેશોદના ધારાસભ્ય અને પૂર્વ પશુપાલન મંત્રી દેવાભાઈ માલમે પ્રગતિશીલ ખેડૂત કચરાભાઈ દેવશીભાઈ જોરાની પ્રાકૃતિક વાડીની રૂબરૂ મુલાકાત લીધી હતી. કચરાભાઈએ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે પોતાની ખેતી પદ્ધતિ માટે અનેક એવોર્ડ પ્રાપ્ત કર્યા છે.

મુલાકાત દરમિયાન દેવાભાઈ માલમે ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, યુરિયા અને હાઈબ્રિડ બીજના અંધાધૂંધ ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન ઘટી રહ્યો છે, જે માનવજાત માટે જોખમી છે. તેમણે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી અભિયાનની પ્રશંસા કરતા જણાવ્યું કે આ પદ્ધતિથી ખેડૂતોનો ખર્ચ ઘટે છે અને આવક બમણી થાય છે. ગૌમૂત્ર અને છાણ આધારિત ખેતી એ જમીન અને જનતા બંને માટે આશીર્વાદરૂપ છે.

આ પ્રસંગે ડો. ઈશ્વરલાલ ભરડાએ જણાવ્યું કે દરિયાઈ પટ્ટીમાં વધતા કેન્સરના રોગોનું મુખ્ય કારણ ખોરાકમાં રહેલું રાસાયણિક ઝેર છે, જેને માત્ર પ્રાકૃતિક ખેતી જ રોકી શકે છે. ખેડૂત કચરાભાઈ જોરાએ ઉપસ્થિત સૌને માહિતી આપી હતી કે તેઓ માત્ર એક દેશી ગાયના સહારે 30 એકર જમીનમાં મગફળી, બાજરી, ઘઉં અને કેળા જેવા પાકોનું વિપુલ ઉત્પાદન મેળવે છે. તેમણે શરૂઆતના તબક્કે જમીનને રાસાયણિક મુક્ત કરવા માટે કરેલી મહેનત અને જીવામૃતના ઉપયોગ વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સામતભાઈ જોરા, રામભાઈ ભાદરકા અને કાંતિભાઈ ભરડા સહિતના સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં દેવાભાઈ માલમે કચરાભાઈની પુત્રી હેતલના લગ્ન પ્રસંગે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. પ્રાકૃતિક ખેતીમાં રસ ધરાવતા ખેડૂતો માટે કચરાભાઈએ પોતાનો સંપર્ક નંબર (99091-16915) પણ જાહેર કર્યો છે, જેથી વધુને વધુ લોકો આ અભિયાનમાં જોડાઈ શકે.

**રિપોર્ટ : હર્ષ ભરડા કેશોદ**



**પોરબંદર જિલ્લાના ચોરવાડ તાલુકાના કુક્સવાડા ગામે એવોર્ડ વિજેતા ખેડૂત કચરાભાઈ જોરાના ખેતરની કેશોદના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી દેવાભાઈ માલમે મુલાકાત લીધી હતી. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી નિહાળી તેમણે જણાવ્યું કે, રાસાયણિક ખાતરો કેન્સર અને હાર્ટ એટેક જેવા રોગોનું કારણ બની રહ્યા છે, ત્યારે પ્રાકૃતિક ખેતી જ માનવ સ્વાસ્થ્ય અને જમીનની ફળદ્રુપતા બચાવી શકે છે. ખેડૂત કચરાભાઈએ એક ગાયના સહારે 30 એકરમાં વિવિધ પાકોનું સફળ ઉત્પાદન મેળવીને સમાજને નવી રાહ ચીંધી છે.**

# રાજકોટથી વીરપુર ૨૬મી પદયાત્રા: ૧૪૦૦ ભક્તોનો ભક્તિમય મહાસંગમ

**દૈનિક પલ્સ સમાચાર:** જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ-ગોંડલ હાઈવે પર ભક્તિનો સાગર ઉમટ્યો હતો. રઘુવીર યુવા સેના દ્વારા આયોજિત ૨૬મી પદયાત્રામાં ૧૪૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ યાત્રા માત્ર રાજકોટ પૂરતી મર્યાદિત ન રહેતા, દુબઈ અને ઓસ્ટ્રેલિયાથી આવેલા ભક્તોના કારણે આંતરરાષ્ટ્રીય શ્રદ્ધાનું કેન્દ્ર બની હતી. ૫૫ કિલોમીટરની આ મજલ કાપવા નીકળેલા ભક્તોના હૈયામાં 'બાપા' ના નામનો અતૂટ વિશ્વાસ હતો. પદયાત્રીઓની સુવિધા માટે રઘુવીર યુવા સેનાએ માર્ગમાં અનેક સેવા કેમ્પો કાર્યરત કર્યા હતા. જ્યાં જલેબી, ગાંઠિયા, ફ્રૂટ ડિશ અને વિવિધ જ્યુસની સાથે આઈસ્ક્રીમની લિજ્જત પદયાત્રીઓને પીરસવામાં આવી હતી. મેડિકલ ટીમે સતત ખડેપગે રહી પદયાત્રીઓની સેવા કરી હતી. નોંધનીય છે કે વીરપુરનું જલારામ મંદિર છેલ્લા ૨૫ વર્ષથી કોઈ પણ પ્રકારનું રોકડ કે વસ્તુનું દાન સ્વીકારતું નથી, છતાં અહીં હજારો લોકો તૃપ્ત થઈને જમે છે. આ 'સદાવ્રત' ની પરંપરાને જીવંત રાખતા રઘુવીર યુવા સેનાના કાર્યકરોએ રાત-દિવસ જહેમત ઉઠાવી પદયાત્રાને સફળ બનાવી હતી. આ પદયાત્રાએ આત્માથી પરમાત્મા સુધીની સફર અને માનવતાના મહોત્સવ તરીકે નવો ઇતિહાસ રચ્યો છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**પૂજ્ય જલારામ બાપાની ૧૪૫મી પુણ્યતિથિ નિમિત્તે રાજકોટથી વીરપુર સુધીની ૨૬મી પદયાત્રાનું ભવ્ય આયોજન કરાયું હતું. ૧૪૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ ૫૫ કિલોમીટરની યાત્રા કરી માનવતાનો સંદેશ ફેલાવ્યો હતો. રઘુવીર યુવા સેના દ્વારા માર્ગમાં આઈસ્ક્રીમ, નાસ્તો અને મેડિકલ સેવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.**




# પરીક્ષા એ જંગનું મેદાન નથી પણ તમારી આવડતનું મંચ

**દૈનિક પલ્સ સમાચાર:** પરીક્ષાના આ પર્વને ભયના ઓથાર હેઠળ નહીં, પણ ઉત્સાહના ઉમંગ સાથે વધાવવાની જરૂર છે. અવારનવાર આપણે સાંભળીએ છીએ કે "જેના હૈયામાં હિંમત હોય, તેને કોઈ પડકાર રોકી શકતો નથી." આ ઉક્તિ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના સમયે સૌથી વધુ પ્રસ્તુત છે. પરીક્ષા એ જંગનું મેદાન નથી, પણ તમારી વર્ષભરની મહેનત અને આવડતનું પ્રદર્શન કરવાનું એક શ્રેષ્ઠ મંચ છે. મગજમાંથી નકારાત્મક વિચારોને જાકારો આપીને જો એકાગ્ર ચિત્તે કામ કરવામાં આવે, તો સફળતા નિશ્ચિત છે.

માનવ જીવનમાં પરીક્ષા એ એક નિરંતર પ્રક્રિયા છે. શાળાના વર્ગખંડથી શરૂ થતી આ સફર નોકરી, વ્યવસાય અને સામાજિક જવાબદારીઓ સુધી અવિરત ચાલતી રહે છે. હકીકતમાં, પરીક્ષાઓ વચ્ચેના સમયમાં જ આપણે જિંદગી જીવતા શીખીએ છીએ. પરંતુ જ્યારે શૈક્ષણિક પરીક્ષાની વાત આવે છે, ત્યારે વિદ્યાર્થીઓમાં એક અજાણ્યો ડર જોવા મળે છે. આ ડર પરીક્ષાનો નથી હોતો, પણ 'પરિણામ શું આવશે?' અને 'લોકો શું કહેશે?' તેનો હોય છે. યાદ રાખજો, હારની બીક રાખીને લડશો તો હાર નક્કી છે, પણ જીતની અપેક્ષા સાથે ઉતરશો તો મેદાન તમારું જ છે.

ક્રિકેટના મેદાનમાં જે ખેલાડી વધુ પડતો ડિફેન્સિવ રમે છે તે ઘણીવાર પોતાની વિકેટ ગુમાવી બેસે છે. એ જ રીતે, પરીક્ષામાં પણ વધુ પડતી ચિંતા તમારી યાદશક્તિ અને ક્ષમતાને અવરોધે છે. પરીક્ષા એ માત્ર તમારી સમજશક્તિની ચકાસણી છે. તે તમારી જિંદગીનું અંતિમ સત્ય નથી. સફળતાની ચાવી સ્વસ્થ તન અને સ્વસ્થ મનમાં રહેલી છે. જો મન શાંત હશે તો અઘરા પ્રશ્નોના ઉત્તરો પણ સરળતાથી સ્ફૂરશે.

આ તકે વાલીઓ અને સમાજની ભૂમિકા પણ અત્યંત મહત્વની બની જાય છે. દરેક બાળક યુનિક છે અને તેની ક્ષમતા અલગ છે. કોઈ ગણિતમાં કાચું હોય તો સંગીતમાં પાવરધું હોઈ શકે છે. બધાને એક જ બીબામાં ઢાળવાનો પ્રયાસ વિદ્યાર્થીના મૌલિક વિચારોને મારી નાખે છે. કાગળ પરના ગુણ ભવિષ્યના વિકાસનું એક પાસું હોઈ શકે, પણ તે એકમાત્ર માપદંડ નથી. દુનિયાના અનેક સફળ વ્યક્તિઓ એવા છે જેમની માર્કશીટ સામાન્ય હતી, પણ તેમની મહેનત અને કાબેલિયત અસાધારણ હતી.

વહાલા વિદ્યાર્થી મિત્રો, જ્યારે તમે પરીક્ષા ખંડમાં પ્રવેશ કરો ત્યારે તમામ ભાર હળવો કરી દેજો. પેપર હાથમાં આવે ત્યારે આંખો બંધ કરી એક લાંબો શ્વાસ લેજો અને તમારી એ મહેનતને યાદ કરજો જે તમે જાગીને કરી છે. તમારી એ મહેનત, એ સમર્પણ ક્યારેય નિષ્ફળ નહીં જાય. માર્કશીટના આંકડા કદાચ પાંચ-દસ વર્ષ પછી કોઈને યાદ નહીં હોય, પણ પરીક્ષા સામે લડવાની તમારી આ હિંમત તમને જીવનના દરેક વળાંક પર મજબૂત બનાવશે.

પરિણામની ચિંતા છોડો અને પ્રક્રિયા પર ધ્યાન આપો. જો તમારી તૈયારીમાં આનંદ હશે, તો અશક્ય લાગતી સફળતા પણ શક્ય બનશે. આ પરીક્ષા તમારા પુસ્તકિયા જ્ઞાનની કસોટી છે, તમારા વ્યક્તિત્વની નહીં. આત્મવિશ્વાસનો દીવો પ્રગટાવીને આગળ વધો, આખું આકાશ તમારું છે.

દૈનિક પલ્સ પરિવાર તરફથી તમામ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉજ્જવળ સફળતા પ્રાપ્ત થાય તેવી અંતરની પ્રાર્થના અને અનેકગણી શુભેચ્છાઓ...

**પૂરા જોશ સાથે લખજો, જીત તમારી જ છે! ઓલ ધ બેસ્ટ!**

**પરીક્ષા એ જીવનનો અંત નથી, પણ પ્રગતિનું સોપાન છે. વિદ્યાર્થીઓએ નકારાત્મક વિચારો ત્યજી, આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવી જોઈએ. યાદ રાખો, કાગળ પરના ગુણ કરતાં તમારી મહેનત કરવાની દાનત અને કાબેલિયત જ ભવિષ્યમાં તમને સાચી સફળતા અપાવશે. રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# અમદાવાદના ખોખરામાં જુગાર રમતા 5 શખ્સો ઝડપાયા: રોકડ જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના ખોખરા પંથકમાં પોલીસે જુગાર રમતા શખ્સો પર ત્રાટકી પાંચ આરોપીઓને જેલ ભેગા કર્યા છે. શહેરના ભાઈપુરા વિસ્તારમાં આવેલા બાબુભાઈની ચાલી સામે કેટલાક લોકો એકઠા થઈને આર્થિક હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળી હતી. માહિતી મળતા જ ખોખરા પોલીસની સર્વેલન્સ ટીમે વ્યૂહાત્મક રીતે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસે પાંચ શખ્સોને રંગેહાથ પકડી લીધા હતા, જેમાં 19 થી 32 વર્ષની વયના યુવાનોનો સમાવેશ થાય છે. પકડાયેલા શખ્સોમાં હાજીબાબુ માનકે, અલ્પેશ બોકડે, કિશન બોકડે, મહેશ બોકડે અને ભીમાભાઈ જાદવનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી 52 પત્તા અને રોકડ રકમ સહિત કુલ ₹10,600નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી પી.આઈ. બી.પી. સાવલિયાના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી, જેમાં પી.એસ.આઈ. એસ.એ. ઝાલા સાથે જયદેવભાઈ, મહેશકુમાર, સાગરદાન અને જલુજી જેવા જવાનો જોડાયા હતા. જાહેરમાં જુગાર રમીને અસામાજિક વાતાવરણ ઊભું કરનારા તત્વો સામે પોલીસે કડક વલણ અપનાવ્યું છે. હાલ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધીને આગળની તપાસ તેજ કરવામાં આવી છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**અમદાવાદના ખોખરા વિસ્તારમાં પોલીસે ભાઈપુરા પાસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી લીધા છે. કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ ₹10,600ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય જપ્ત કરી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરના પગલાં ભર્યા છે.**

# વડાલીમાં પિકઅપ અને કાર વચ્ચે અકસ્માત: ફસાયેલા યુવાનનો બચાવ

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી તાલુકાના ભાલુસણા અને બાબસર ગામને જોડતા માર્ગ પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કચ્છના રહેવાસી અને વ્યવસાયે ફોટોગ્રાફર એવા રાજભાઈ મોહનભાઈ પારસીયા પોતાના કામ અર્થે વડાલી પંથકમાં આવ્યા હતા. તેઓ જ્યારે પોતાની કાર (GJ-01-2BF-8290) લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે ભાલુસણા-બાબસર રોડ પર સામેથી આવતા પિકઅપ ડાલા (GJ-06-BT-7775) સાથે કારની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતમાં કારની બોડી દબાઈ જવાને કારણે રાજભાઈ લોહીલુહાણ હાલતમાં કારમાં જ ફસાઈ ગયા હતા. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના ખેતરોમાં કામ કરતા લોકો દોડી આવ્યા હતા. આધુનિક સાધનોના અભાવે પણ ગ્રામજનોએ હિંમત હાર્યા વગર લોખંડના સળિયા અને લાકડાના ફાચર વડે કારના પતરા અને દરવાજો તોડવાનું શરૂ કર્યું હતું. અંદાજે ૩૦ મિનિટની ભારે જહેમત બાદ રાજભાઈને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવાનને પ્રાથમિક સારવાર આપી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. લોકોની સમયસૂચકતાને કારણે એક આશાસ્પદ યુવાનનો જીવ બચી ગયો હતો. અકસ્માતને કારણે રોડ પર બંને તરફ વાહનોની લાંબી કતારો જોવા મળી હતી, જેનાથી મુસાફરોને હાલાકી ભોગવવી પડી હતી.



**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

**વડાલી તાલુકાના ભાલુસણા અને બાબસર ગામ વચ્ચે આજે પિકઅપ ડાલા અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં કાર ચાલક રાજભાઈ પારસીયા અંદર ફસાઈ ગયા હતા. અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને લોખંડના સળિયાની મદદથી દરવાજો તોડી અડધા કલાકે યુવાનને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલ ખસેડ્યા હતા. અકસ્માતના કારણે રોડ પર ટ્રાફિક જામ સર્જાયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી હતી.**

# બનાસકાંઠામાં "સફળતાનું પંચામૃત" ડિજિટલ પુસ્તકનું કલેક્ટરે કર્યું વિમોચન

## બનાસકાંઠા: ગણિત-વિજ્ઞાન માટે ડિજિટલ પુસ્તક લોન્ચ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠામાં શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવાના હેતુથી જિલ્લા કલેક્ટર મિહિર પટેલના હસ્તે "સફળતાનું પંચામૃત" ડિજિટલ પુસ્તકનું ભવ્ય વિમોચન કરવામાં આવ્યું છે. બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન વિષયમાં સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. હિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ આ અભિનવ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લાના અનુભવી અને વિષય નિષ્ણાત શિક્ષકોની ટીમે પ્રશ્નપત્રોના માળખા અને વિદ્યાર્થીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ સામગ્રી તૈયાર કરી છે. આ પુસ્તક માત્ર લખાણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે આજના સમયની માંગ મુજબ સંપૂર્ણ ડિજિટલ અને ઇન્ટરેક્ટિવ છે. પુસ્તકમાં આપવામાં આવેલા ક્યુઆર કોડને સ્કેન કરવાથી અથવા તેના પર ટચ કરવાથી વિદ્યાર્થીઓ તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલા વિષયવાર શૈક્ષણિક વિડિયો જોઈ શકશે. આ પદ્ધતિથી અઘરા મુદ્દાઓ સમજવા અત્યંત સરળ બનશે. આ પુસ્તકમાં મહત્વના પ્રશ્નો, પરીક્ષા માટેની ખાસ ટિપ્સ અને સમય વ્યવસ્થાપન જેવી બાબતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષકોના સંયુક્ત પ્રયાસોથી તૈયાર થયેલી આ ડિજિટલ ગાઈડ જિલ્લાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં એક નવું પરિમાણ ઉમેરશે. કલેક્ટર મિહિર પટેલે આ ડિજિટલ પહેલને આજના યુગની જરૂરિયાત ગણાવી શિક્ષકોની મહેનતને બિરદાવી હતી.

જિલ્લા શિક્ષણ વિભાગ તરફથી અપીલ કરવામાં આવી છે કે બનાસકાંઠાના તમામ બોર્ડના વિદ્યાર્થીઓ આ "સફળતાનું પંચામૃત" પુસ્તકનો મહત્તમ ઉપયોગ કરે. દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી શિક્ષણ મેળવવાથી વિદ્યાર્થીઓનો વિષય પ્રત્યેનો ડર દૂર થશે અને તેઓ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શકશે. આ ડિજિટલ પુસ્તક લોન્ચ થતાની સાથે જ શૈક્ષણિક જગતમાં ભારે આવકાર મળી રહ્યો છે અને તેનાથી જિલ્લાના પરિણામમાં સકારાત્મક ફેરફાર આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



**બનાસકાંઠા જિલ્લા કલેક્ટર મિહિર પટેલના હસ્તે "ગણિત અને વિજ્ઞાન વિષયનું સફળતાનું પંચામૃત" ડિજિટલ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. હિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ તજજ્ઞ શિક્ષકો દ્વારા આ પુસ્તક તૈયાર કરાયું છે. બોર્ડ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને બનાવેલા આ ડિજિટલ પુસ્તકમાં ક્યુઆર કોડની સુવિધા છે, જેને સ્કેન કરતા જ વિષયવાર શૈક્ષણિક વિડિયો જોઈ શકાશે. આ નવીનતમ પહેલથી જિલ્લાની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થશે અને વિદ્યાર્થીઓને ગણિત-વિજ્ઞાન જેવા અઘરા વિષયો સમજવામાં સરળતા રહેશે.**

# કરણપુર પાસે ડમ્પરની બ્રેક ફેલ: 10 વાહનોનો કચ્ચરઘાણ, 7 ઘાયલ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-ગાભોઈ નેશનલ હાઈવે પર કરણપુર ગામ પાસે એક ડમ્પરની બ્રેક ફેલ થવાના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં 10 જેટલા વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે અને 7 લોકો ઈજાગ્રસ્ત થયા છે. કરણપુર પાસે પ્રણામી વણકર સમાજનો 11મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો, જેના કારણે લગ્ન સ્થળનું પાર્કિંગ ભરાઈ જતા ઘણા વાહનો હાઈવે અને સર્વિસ રોડ પર આડેધડ પાર્ક કરવામાં આવ્યા હતા.

ઘટના અંગે ગાભોઈ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. પી.એચ. ડોડીયાએ જણાવ્યું કે, ડમ્પર ચાલકની આગળ એક ઈકો કાર જઈ રહી હતી અને રોડ પર લોકોની અવરજવર હતી. અચાનક બ્રેક ફેલ થતા લોકોને બચાવવા ચાલકે ડમ્પરને ટર્ન માર્યો હતો, જેના કારણે ડમ્પર સામેના રોડ પર જઈને કાર અને પીકઅપ ડાલા સાથે અથડાયું હતું. ત્યારબાદ હાઈવે પર પાર્ક કરેલા અન્ય વાહનો પણ અડફેટે આવ્યા હતા. અકસ્માત બાદ સ્થળ પર અફરાતફરી મચી ગઈ હતી અને લોકોએ ચાલક સાથે ઝપાઝપી કરી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ડમ્પર ચાલકને કસ્ટડીમાં લીધો છે. ચાલક નશામાં હતો કે કેમ તે ચકાસવા તેના બ્લડ સેમ્પલ લેવાયા છે. હાલમાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. **રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠાના હિંમતનગર-ગાભોઈ નેશનલ હાઈવે પર કરણપુર પાસે એક ડમ્પરની બ્રેક ફેલ થતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં 10 વાહનોને નુકસાન થયું છે અને 7 લોકોને ઈજા પહોંચી છે. પોલીસે ડમ્પર ચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.**




# વડોદરા: સમાજ સુરક્ષા હેઠળ 6 માસમાં 372 લાખની સહાય

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લામાં રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા દ્વારા માનવતાવાદી અભિગમ સાથે છેવાડાના માનવીને મદદરૂપ થવા માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ છ માસ (એપ્રિલ થી સપ્ટેમ્બર 2025) દરમિયાન, વડોદરા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ રૂ. 372 લાખથી વધુની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.

**દિવ્યાંગો માટે 'સંત સુરદાસ યોજના':** સમાજમાં શારીરિક અને માનસિક રીતે પડકારરૂપ સ્થિતિ ધરાવતા દિવ્યાંગોને આર્થિક ટેકો આપવો અનિવાર્ય છે. વડોદરા જિલ્લામાં 60% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા કુલ 2,907 વ્યક્તિઓને 'સંત સુરદાસ યોજના' હેઠળ આવરી લેવાયા છે. સરકાર દ્વારા આ હેતુ માટે રૂ. 193.07 લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, જેનો જિલ્લા કચેરી દ્વારા 100% ઉપયોગ કરીને તમામ લાભાર્થીઓના ખાતામાં સહાયની રકમ પહોંચાડવામાં આવી છે.

**અનાથ બાળકો માટે 'પાલક માતા-પિતા યોજના':** નિરાધાર અને અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક હૂંફ મળી રહે તે સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ માટે અમલી 'પાલક માતા-પિતા યોજના' અંતર્ગત વડોદરા જિલ્લાના 834 બાળકોને આર્થિક મદદ પૂરી પાડવામાં આવી છે. આ યોજના હેઠળ મંજૂર થયેલી રૂ. 179.8 લાખની ગ્રાન્ટનો સંપૂર્ણ ખર્ચ કરીને આ બાળકોના ઉછેર અને શિક્ષણ માટે જરૂરી નાણાકીય પીઠબળ પૂરું પાડવામાં આવ્યું છે, જેથી તેમનું ભવિષ્ય સુરક્ષિત બની શકે.

**વહીવટી સંવેદનશીલતા અને પારદર્શિતા:** વડોદરા જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા લક્ષ્યાંક મુજબ ગ્રાન્ટનો સો ટકા વિનિયોગ કરવામાં આવ્યો છે, જે વહીવટી તંત્રની કાર્યક્ષમતા સૂચવે છે. દિવ્યાંગો પ્રત્યે સંવેદના અને અનાથ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતા સાથે કરવામાં આવેલી આ કામગીરી સમાજના નબળા વર્ગો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

**આ આંકડાઓ માત્ર સરકારી સિદ્ધિ નથી, પરંતુ સમાજના વંચિત પરિવારોને આત્મનિર્ભરતા અને સન્માનપૂર્વક જીવન જીવવાની દિશામાં લઈ જવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. જિલ્લા કચેરીની આ કામગીરીથી છેવાડાના**




# સાબરકાંઠા અને અરવલ્લીમાં શિંવરાત્રીની ધૂમ: 1500 મદિરો સજ્જ થશે

**દૈનિક પલ્સ સમાચાર:** ભગવાન શિવની ઉપાસનાના મહાપર્વ શિવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના શહેરો અને ગામડાઓમાં ભક્તિનો માહોલ જામ્યો છે. આગામી 15 ફેબ્રુઆરી, રવિવારે આવતી શિવરાત્રી નિમિત્તે બંને જિલ્લાના શિવ મંદિરોમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભોલેનાથના આ પર્વને હર્ષોલ્લાસ સાથે ઉજવવા માટે શિવભક્તોમાં ભારે આતુરતા છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મળીને આશરે 1500 જેટલા મંદિરોમાં શિવરાત્રીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. હિંમતનગર, ઇડર, પોશીના, વિજયનગર અને ખેડબ્રહ્મા જેવા તાલુકાઓમાં આવેલા પ્રાચીન અને અર્વાચીન શિવાલયોમાં વિશેષ રોશની અને પૂજાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તેવી જ રીતે અરવલ્લી જિલ્લાના મોડાસા, ભિલોડા, બાયડ અને શામળાજી વિસ્તારમાં પણ શિવભક્તોમાં ઉત્સાહ છલકાઈ રહ્યો છે. શિવરાત્રીના પાવન દિવસે મંદિરોમાં વહેલી સવારથી જ શિવલિંગ પર જળાભિષેક અને દૂધના અભિષેક માટે ભક્તોની કતારો લાગશે. 'હર હર મહાદેવ' ના જયઘોષ સાથે આખું વાતાવરણ શિવમય બની જશે. પૂજા-અર્ચના સાથે ભજન-કીર્તન અને મહાપ્રસાદના આયોજનો માટે વિવિધ મંદિર સમિતિઓ દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. શ્રદ્ધાળુઓની આસ્થા અને ભક્તિથી આ વર્ષે પણ શિવરાત્રીનો પર્વ યાદગાર બની રહેશે. **રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના 1500 જેટલા શિવ મંદિરોમાં 15 ફેબ્રુઆરીએ યોજાનારા મહાશિવરાત્રી પર્વની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. હિંમતનગર અને મોડાસા સહિતના તાલુકાઓમાં ભક્તો દ્વારા પૂજા-અર્ચના અને શણગાર માટે વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે.**

# પોશીના પોલીસની મોટી કાર્યવાહી: 8 મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના પોશીના પંથકમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ એક્શન મોડમાં જોવા મળી રહી છે. ઉચ્ચ કક્ષાએથી મળેલા આદેશોના પાલન રૂપે પોશીના પોલીસે એક મહત્વના ઓપરેશનમાં NDPS ના ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી ફરાર આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, હવલાભાઈ કાંતિભાઈ નગોતર નામનો શખ્સ છેલ્લા 8 મહિનાથી નાર્કોટિક્સના કેસમાં પોલીસ પકડથી દૂર હતો. આ દરમિયાન પોશીના પી.આઈ. ડી.એન. સાધુના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આર.કે. ગુજ્જર અને ડી સ્ટાફના માણસો પોશીના વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ કરી રહ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન પોલીસ કર્મી દીપકકુમારને ચોક્કસ માહિતી મળી હતી કે આરોપી હવલાભાઈ તેના વતન ચંદ્રાણા ગામની સીમમાં કોઈ કામ અર્થે આવ્યો છે અને ત્યાં ઉભો છે. પોલીસે મોડું કર્યા વિના બાતમીવાળા સ્થળે પહોંચી ઘેરો ઘાલ્યો હતો અને નાસવાની ફિરાકમાં રહેલા આરોપીને દબોચી લીધો હતો. પોલીસની આ ત્વરિત અને બાતમી આધારિત કાર્યવાહીને કારણે છેલ્લા આઠ મહિનાથી પોલીસને હંફાવતો આરોપી આખરે ઝડપાઈ ગયો છે. આ સફળતા બદલ પોલીસ ટીમની પ્રશંસા થઈ રહી છે. હાલ આરોપીનો કબજો મેળવી તેની પૂછપરછ અને કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. **રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠાની પોશીના પોલીસે બાતમીના આધારે ચંદ્રાણા ગામની સીમમાંથી NDPS કેસમાં છેલ્લા 8 મહિનાથી ફરાર આરોપી હવલાભાઈ નગોતરને ઝડપી પાડ્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ માહિતીના આધારે આ સફળ કાર્યવાહી કરવામાં આવી હતી અને આરોપી સામે કાયદેસરના પગલાં ભરાયા છે.**

# સાબરકાંઠામાં બે ભવ્ય સમૂહ લગ્નોત્સવ: 38 યુગલોએ જોડ્યા જીવનસાથી

## સાબરકાંઠામાં બે સ્થળે સમૂહ લગ્નોત્સવ: 38 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** મોંઘવારી સામેના સંઘર્ષમાં જ્યારે વ્યક્તિગત પ્રયાસો ટૂંકા પડે છે, ત્યારે સામાજિક સંગઠન અને સંયુક્ત આયોજનો નવી રાહ ચીંધે છે. સાબરકાંઠા જિલ્લામાં આવી જ સામાજિક ચેતનાના દર્શન થયા હતા, જ્યાં બે અલગ-અલગ જગ્યાએ યોજાયેલા સમૂહ લગ્નોત્સવમાં કુલ 38 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા.

હિંમતનગર તાલુકાના કરણપુર હાઈવે નજીક ખુલ્લા મેદાનમાં અડસઠ બારીશ પ્રણામી વણકર ચૌદ ગામ પરગણા દ્વારા 11મા સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરાયું હતું. આ મંગલ અવસરે 9 યુગલોએ હસ્તમેળાપ કરી નવા જીવનની શરૂઆત કરી હતી. બીજી તરફ, ઇડર તાલુકાના લેઈ ગામે આવેલા ઉમા ધામના પવિત્ર પરિસરમાં 27 કડવા પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે 29 નવદંપતીઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્ન કરી સમાજમાં આર્થિક બચત અને સાદગીનો સંદેશ આપ્યો હતો.

આ બંને સામાજિક ઉત્સવોમાં અનેક મહાનુભાવોની હાજરી આકર્ષણનું કેન્દ્ર બની હતી. રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રમણલાલ વોરા તેમજ સાબરકાંઠા-અરવલ્લી વિસ્તારના સાંસદ શોભનાબેન બારૈયાએ નવદંપતીઓને પુષ્પગુચ્છ આપી આશીર્વાદ પાઠવ્યા હતા. વક્તાઓએ જણાવ્યું હતું કે, સમૂહ લગ્નોત્સવથી સમાજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો પરનું આર્થિક ભારણ ઘટે છે અને સામાજિક સમરસતામાં વધારો થાય છે.

આ કાર્યક્રમોને સફળ બનાવવા માટે બંને સમાજના પ્રમુખો, કારોબારી સભ્યો અને દાતાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. લગ્ન મંડપમાં હજારોની મેદની વચ્ચે જ્યારે નવદંપતીઓએ જીવનના સોગંધ લીધા, ત્યારે આખું વાતાવરણ મંગલમય બની ગયું હતું. આ બંને આયોજનોએ સાબિત કર્યું છે કે સંયુક્ત શક્તિ દ્વારા કોઈપણ પડકારને પહોંચી વળવો શક્ય છે. ગ્રામજનો અને સ્નેહીજનોએ પણ નવદંપતીઓને ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. **રિપોર્ટ : જનક જાદવ**



**મોંઘવારીના યુગમાં સમૂહ લગ્નોત્સવ આર્થિક બચત અને સામાજિક એકતાનું પ્રતીક બન્યા છે. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરના કરણપુર અને ઇડરના લેઈ ગામે બે અલગ-અલગ સમૂહ લગ્નોત્સવ યોજાયા હતા. કરણપુર પાસે પ્રણામી વણકર સમાજના 11મા સમૂહ લગ્નમાં 9 યુગલો અને લેઈ ગામના ઉમા ધામ ખાતે 27 કડવા પાટીદાર સમાજના 29 યુગલોએ લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય રમણલાલ વોરા અને સાંસદ શોભનાબેન બારૈયા સહિત સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી નવવિવાહિતોને સુખી જીવનના આશીર્વાદ આપ્યા હતા.**

# કઠલાલના અરાલ ગામે સ્થાપી મિંસાલ: ડીજે મુક્ત સાદગીપૂણ લગ્ન

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાનું અરાલ ગામ આજે સામાજિક પરિવર્તનની પ્રેરણાદાયી મિસાલ બની ગયું છે. હાલના સમયમાં જ્યારે લગ્નોમાં લાખો રૂપિયા ડીજે અને ભપકા પાછળ ખર્ચાય છે, ત્યારે અરાલ ગામના એક પરિવારે સમાજના નીતિ-નિયમોને પ્રાધાન્ય આપી કુરિવાજો સામે મક્કમ નિર્ધાર દર્શાવ્યો છે.

અરાલથી સરસવણી ગયેલી આ જાનમાં કોઈ જ ઘોંઘાટ કે ડીજે નહોતું. 'નો ડીજે' ના સંકલ્પ સાથે નીકળેલી આ જાન આસપાસના પંથકમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી. વરપક્ષની આ શિસ્તબદ્ધ પહેલને કન્યા પક્ષે પણ તેટલા જ સન્માન સાથે વધાવી હતી. સામૈયા અને લગ્નની અન્ય વિધિઓમાં કોઈ મોંઘી ભેટો કે બિનજરૂરી વ્યવહારોને સ્થાને સામાજિક બંધારણ મુજબની મર્યાદા જાળવવામાં આવી હતી. ગ્રામજનો અને મહેમાનોએ આ સાદગીપૂર્ણ લગ્નની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, સામાજિક પરિવર્તન માત્ર વાતોથી નહીં પણ અમલથી આવે છે. દેખાદેખીના કારણે મધ્યમ અને ગરીબ પરિવારો દેવા હેઠળ દબાઈ જતા હોય છે, ત્યારે અરાલ અને સરસવણીના પરિવારોએ આચરેલી આ સાદગી અને બંધારણીય શિસ્ત નવી રાહ ચીંધનારી છે. આ પગલાંથી સમાજમાં એકતા વધશે અને લગ્ન જેવા પવિત્ર પ્રસંગોની ગરિમા જળવાશે.






## અમદાવાદમાં આંતરરાજ્ય બાળ તસ્કરીના મોટા રેકેટનો થયો પર્દાફાશ

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ અને ગુજરાતમાં સક્રિય બાળ તસ્કરીના એક ભયાનક આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ થયો છે. 10 દિવસ પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને એટીએસ દ્વારા સંયુક્ત ઓપરેશનમાં એરપોર્ટના કોતરપુર પાસે હિંમતનગરથી આવી રહેલી એક શંકાસ્પદ કાર રોકવામાં આવી હતી. આ કારમાંથી 15 દિવસનું નવજાત બાળક મળી આવતા પોલીસે વંદના પંચાલ, રોશન અગ્રવાલ અને સુમિત યાદવની ધરપકડ કરી હતી. આ તપાસના દોર બનાસકાંઠા સુધી લંબાયા અને સપ્લાયર યુનુસ સિંધીની પણ ધરપકડ કરવામાં આવી છે.

ક્રાઈમ બ્રાન્ચની સઘન તપાસમાં જે વિગતો સામે આવી છે તે હૃદયદ્રાવક છે. આ ગેંગ નવજાત શિશુઓને એક વસ્તુની જેમ વેચતી હતી. આ રેકેટ કેવી રીતે ચાલતું હતું તેના પર નજર કરીએ તો:

- એડવાન્સ પેમેન્ટ અને ટાર્ગેટ: દલાલો નિ:સંતાન દંપતીઓ પાસેથી એડવાન્સમાં 10 થી 15 લાખ રૂપિયા પડાવતા હતા. એકવાર રકમ મળી જાય પછી તે 'નોન-રિફંડેબલ' રહેતી.
- બાળકની ખરીદી: એજન્ટો સાબરકાંઠા અને બનાસકાંઠાના ગરીબ વિસ્તારોમાં જઈ મજબૂર માતા-પિતા પાસેથી માત્ર 60 હજાર રૂપિયામાં બાળક ખરીદતા હતા.
- ગ્રેડિંગ અને ફોટોગ્રાફ્સ: બાળક મળ્યા બાદ તેને તૈયાર કરી તેના ફોટા પાડી વોટ્સએપ ગ્રુપમાં એજન્ટોને મોકલવામાં આવતા. એજન્ટો વચ્ચે બાળકની કિંમત 3 થી 5 લાખ નક્કી થતી.
- દસ્તાવેજોમાં હેરાફેરી: બાળકને કાયદેસરતા આપવા માટે આ ગેંગ નર્સિંગ હોમ્સ સાથે સાંઠગાંઠ ધરાવતી હતી. દલાલોની સલાહથી નિ:સંતાન દંપતીઓ બાળક આવવાના મહિનાઓ પહેલા બીજા પ્રદેશમાં રહેવા ચાલ્યા જતા. ત્યારબાદ હોસ્પિટલમાં ખોટી એન્ટ્રી કરાવી બોગસ જન્મ પ્રમાણપત્ર મેળવી લેતા હતા.

પકડાયેલી વંદના પંચાલ અને રોશન અગ્રવાલ ભૂતકાળમાં પણ હૈદરાબાદમાં આવા જ ગુનામાં ઝડપાઈ ચૂક્યા છે. આ ટોળકી હિંમતનગરના યુનુસ ઉર્ફે મુન્ના પાસેથી બાળક ખરીદી તેને હૈદરાબાદના નાગરાજ નામના એજન્ટને પહોંચાડવાની હતી. પોલીસ તપાસમાં એ પણ ખુલ્યું છે કે આ ગેંગના સભ્યો કમિશનના ધોરણે કામ કરતા હતા.

આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં સુરતમાં પણ મહારાષ્ટ્રના સંભાજીનગરથી માત્ર 10 દિવસની બાળકીને લાવી અઢી લાખ રૂપિયામાં વેચવાનો પ્રયાસ કરતી બે મહિલાઓ ઝડપાઈ છે. આ બંને મહિલાઓ મોબાઈલ પર બાળકીના ફોટા મોકલી ગ્રાહક શોધી રહી હતી. ગુજરાત પોલીસ હવે મહારાષ્ટ્ર, તેલંગાણા અને ઉત્તર પ્રદેશ પોલીસના સંપર્કમાં રહીને આ રેકેટના ઊંડા મૂળ સુધી પહોંચવા પ્રયાસ કરી રહી છે. આ કિસ્સાઓએ નવજાત બાળકોની સુરક્ષા અને ગેરકાયદેસર નર્સિંગ હોમ્સની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.



# માવસરીમાં વિરાટ હિન્દુ સંમેલન: 10 ગામોના સંગઠને જમાવી જમાવટ

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાનું માવસરી ગામ રવિવારે હિન્દુત્વ અને એકતાના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. માવસરીની શ્રી પગાર કેન્દ્ર શાળામાં આયોજિત 'વિરાટ હિન્દુ સંમેલન'માં સમાજની શક્તિનું ભવ્ય પ્રદર્શન થયું હતું. આ સંમેલનનું આયોજન મીઠાવીચારણ, મી. રાણા, રાધાનેસડા સહિતના 10 ગામોના વિવિધ મંડળો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં આમંત્રિત શાળાઓના વિદ્યાર્થીઓએ રાસ-ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ભારતીય પરંપરાની ઝલક બતાવી હતી. આ પ્રસંગે સામાજિક અગ્રણીઓ પુરાભાઇ પટેલ, પ્રભુભાઈ પુરોહિત તેમજ સ્થાનિક સરપંચ અને સહકારી આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંબોધન દરમિયાન મહાનુભાવોએ ભારપૂર્વક જણાવ્યું કે, વર્તમાન સમયમાં સમાજમાં એકતા, જાગૃતિ અને સંગઠન હોવું અત્યંત અનિવાર્ય છે. સંસ્કૃતિ અને મૂલ્યોને મજબૂત બનાવવા માટે આવા આયોજનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સંમેલન દ્વારા નવી પેઢીને હિન્દુ સંસ્કારોથી માહિતગાર કરી તેમને સશક્ત બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. હિન્દુ સમાજ માટે આ એક ચિંતન અને સંકલ્પનું મંચ સાબિત થયું હતું, જ્યાં સૌએ સાથે મળીને સંસ્કૃતિના રક્ષણની હિમાયત કરી હતી.

**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**



# વડોદરા ગામે સોનલબાઈ માનો 11મો પાટોત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામે ભક્તિનો સાગર ઉમટ્યો હતો, જ્યારે રવિવારે સોનલબાઈ માનો 11મો પાટોત્સવ ધામધૂમથી મનાવવામાં આવ્યો હતો. 8 જાન્યુઆરી 2026ના પવિત્ર દિવસે આયોજિત આ ઉત્સવમાં વડોદરા ગામ સમસ્ત અને સોનલબાઈ મા સમિતિએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉત્સવના પ્રારંભે મંદિરના શિખર પર ભક્તિભાવ સાથે ધજા રોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ યજ્ઞશાળામાં હોમ-યજ્ઞનો પ્રારંભ થયો, જેમાં બ્રાહ્મણો દ્વારા ગાયત્રી મંત્રના મંત્રોચ્ચારથી વાતાવરણ મંગલમય બની ગયું હતું. આ પ્રસંગે માતાજીને અન્નકોટનો ભોગ ધરાવવામાં આવ્યો હતો, જે બાદ ભક્તો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરાયું હતું.

મંદિરના પૂજારી શ્રી જય જનકભાઈએ આ અવસરે જણાવ્યું હતું કે, વડોદરામાં બિરાજતા સોનલબાઈ મા પર લોકોની અતૂટ શ્રદ્ધા છે અને માતાજી દુખિયાના દુઃખ દૂર કરી સૌની મનોકામના પૂર્ણ કરે છે. ભુવા પઢીયાર અને સમિતિના સભ્યોના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન સફળ રહ્યું હતું. વડોદરા ગામના શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં ઉમટી પડી માતાજીના અન્નકોટ દર્શનનો લાભ લીધો હતો અને પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. આ પાટોત્સવથી સમગ્ર ગામમાં આધ્યાત્મિક આનંદની લહેર ફેલાઈ હતી.

**રિપોર્ટ : મનસુખ વાળા**



**ગાંધીનગરના વડોદરા ગામે સોનલબાઈ માનો 11મો પાટોત્સવ રવિવારે શ્રદ્ધાપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે ધજા રોહણ, હોમ-યજ્ઞ અને અન્નકોટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. પૂજારી જય જનકભાઈએ માતાજીના મહિમાનું ગાન કર્યું હતું.**